
MANOGAT • Year-39 • Issue-12 • 25 September 2020 • Adhik Aaso Sud 9, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28

# મનોગત

## કૃષિ ઇતિહાસનો એક ઐતિહાસિક નિર્ણય
## કરોડો ખેડૂતો વચેટિયાઓથી આઝાદ



**ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર જીવન દરમિયાનની વિવિધ પ્રેરણાદાયી અને ઐતિહાસિક ઘટનાઓ ઉપર આધારિત પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન જાણીતા ઉદ્યોગપતિ પદ્મશ્રી શ્રી કરસનભાઈ પટેલ અને ભાજપાના વરિષ્ઠ અગ્રણી, પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું ત્યારની તસવીરો**














Year 39 ● Issue 12 ● Pages 28



- મોદી છે, તો ભરોસો છે - જે. પી. નડ્ડાજી ૪
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિન નિમિત્તે શુભકામનાઓ ૭
- કૃષિસુધાર બિલ ૧૩ થી ૧૮
- કોરોના મહામારીમાં પક્ષાપક્ષીથી પર રહી પ્રજાનો આત્મવિશ્વાસ વધારીશું તો જ કોરોના હારશે - ગુજરાત જીતશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ૧૯
- આપણી ગુજરાત સરકારના આગવા સમાચાર ૨૦
- મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના ૨૨
- કોંગ્રેસ નૈતિક અને વૈચારિક અધઃપતન તરફ ૨૩
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સરદાર સરોવર ડેમને આજે આપણે તેની સંપૂર્ણ સપાટીએ ભરી શક્યા છીએ - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ૨૬




પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯–૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.



**તંત્રીસ્થાનેથી**

# અન્નદાતાને મળી અભૂતપૂર્વ આઝાદી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

અન્નદાતા એવા ખેડૂતો માટે ઐતિહાસિક કૃષિસુધાર બિલ આપણી સરકાર દ્વારા સંસદમાં મંજૂર કરવામાં આવ્યું.

સાદી ભાષામાં કહીએ તો - ખેડૂત જે પોતાની ખેતપેદાશો ખેતરેથી મોંઘું ભાડું ખરચીને, લાંબી લાઇનમાં ઊભા રહીને, ઠેકેદારોની જોહુકમી સહન કરીને માત્ર સ્થાનિક APMCમાં વેચતો હતો તેના સ્થાને પોતાના ખેતરથી શરૂ કરીને દેશના કોઈપણ ખૂણમાં ખેતપેદાશો પોતાના ભાવે - વચેટિયા વિના વેચી શકવાની વધારાના વિકલ્પ તરીકેની આઝાદી એટલે કૃષિસુધાર બિલ.


માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું એ વચન હતું કે, ખેડૂતોની આવક બમણી કરવી છે. સાથે-સાથે તેઓ એ પણ માને છે કે - ઉપભોક્તાઓને વધુ ખર્ચ ના કરવો પડે. માટે ઉત્પાદક અને ઉપભોક્તા વચ્ચેના વચેટિયાના મસમોટા કમિશનને હટાવવાનું શ્રી નરેન્દ્રભાઈ મોદી જ કરી શકે તેવું ઐતિહાસિક અને અભૂતપૂર્વ - કાયદો બનાવવાનું કાર્ય કેન્દ્રની ભાજપ સરકારે સંપન્ન કર્યું છે.

દુર્ભાગ્યે કોંગ્રેસનું તો આ દેશમાં એક જ કામ બાકી રહ્યું છે - ભ્રમણા પેદા કરી વિરોધ કરવો ! જે - જે બાબતોમાં કોંગ્રેસ આવું કરે એ બાબતોમાં આ દેશનો સરેરાશ નાગરિક પણ હવે સમજવા માંડ્યો છે કે નક્કી મોદીએ કોઈ ને કોઈ વચેટિયા હટાવ યોજના લાગુ પાડી હશે.

આવો, સાચી, સરળ, સ્પષ્ટ અને ખેડૂત હિતકારી આ બાબતોને જન-જન સુધી પહોંચાડી ખોટી વાતો કરનારા અને ફેલાવનારા વચેટિયાઓને પણ આપણે સૌ હટાવીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ







# મોદી છે, તો ભરોસો છે
## – જે. પી. નડ્ડાજી

**જે સંકલ્પ ભારતને વિશ્વગુરુ બનાવવા તથા સમૃદ્ધ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવાના હેતુ માટે લેવામાં આવ્યા હતા, તે સંકલ્પોને મોદીજીના નેતૃત્વમાં દેશ આજે સાકાર થતા નિહાળી રહ્યો છે**


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આજે વિશ્વાસ અને ઉમ્મીદના પ્રતીક છે. તેમના નેતૃત્વમાં ભારત આંતરિક મોરચે, આંતરરાષ્ટ્રીય મંચ અને આમજનતાના પ્રશ્નોના સંદર્ભે વિશ્વાસ સાથે આગળ વધી રહ્યો છે. જે સંકલ્પો સાથે ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઈ હતી, જે બાબતો અંગે પાર્ટી પોતાના સ્થાપનાકાળથી મુખરિત રહી, સક્રિય રહી અને જે કાર્યો ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દીનદયાલ ઉપાધ્યાયથી લઈને અટલબિહારી બાજપાઈ જેવા મનીષીઓએ આગળ ધપાવ્યું, પાર્ટીના કરોડો કાર્યકર્તાઓએ જે અભિયાનોને દેશની આમજનતા સુધી પહોંચાડ્યા, અને જે સંકલ્પ ભારતને વિશ્વગુરુ બનાવવા તથા સમૃદ્ધ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવાના હેતુ માટે લેવામાં આવ્યા હતા, તે સંકલ્પોને મોદીજીના નેતૃત્વમાં દેશ સાકાર થતા નિહાળી રહ્યો છે.

**સત્તાની ખુરશી સેવા માટે છે**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં છ વર્ષમાં દેશના નાગરિકોમાં ગર્વ અને સ્વાભિમાનનો સંચાર થયો, સમગ્ર વિશ્વમાં ભારત પ્રતિ દૃષ્ટિપાત કરવાનો અભિગમ બદલાયો. 'સવાસો કરોડ દેશવાસી' શબ્દ આપણી ક્ષમતા અને ગૌરવબોધનું પ્રતીક બન્યો. જો નેતૃત્વ સક્ષમ હોય તો એ જ પરંપરાગત તંત્ર ઉચ્ચ મનોબળ સાથે રાષ્ટ્ર-નિર્માણમાં યોગદાન આપવા માટે આતુર રહે છે. પ્રધાનમંત્રી મોદીજીમાં નાગરિકોએ પોતાના જીવનની ખુશાલીનું આશા-કિરણ નિહાળ્યું. તેમના દરેક કથનને મંત્ર માન્યો. તેમના દરેક અભિયાનમાં દેશ સ્વતઃ ઉમંગસહ ભાગીદાર બન્યો. દેશના પ્રધાનમંત્રી માટે આવો ભાવ તેમ જ સન્માન હોવું તે દેશ અને દેશના નાગરિકોનું સન્માન છે, લોકતંત્રનું સન્માન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના રૂપમાં પ્રધાન સેવકે દેશને વિશ્વાસ અપાવ્યો કે આ જગતંત્ર છે, જ્યાં જગત જ જનાર્દન છે. સત્તાની ખુરશી સેવા માટે છે. દેશની જનતા પ્રધાનમંત્રી શ્રી મોદીજીના નેતૃત્વમાં જે અતૂટ વિશ્વાસ ધરાવે છે, તેમ પ્રધાનમંત્રીજી પણ તેમની આકાંક્ષાઓ પૂરી કરવાના નિરંતર પ્રયાસો કરે છે.

**ખુમારી સાથે પડોસીને અહેસાસ કરાવ્યો કે હવેનું ભારત સ્વાભિમાનથી જીવવાનું આત્મબળ ધરાવે છે**

એક એવા પ્રધાનમંત્રીજીનું આ નેતૃત્વ છે કે દેશનો હરેક નાગરિક તેમના નેતૃત્વમાં દેશહિત માટે પોતાનું યોગદાન આપવા તત્પર રહે છે. આપણા પડોશીઓ સાથેના આપણા સંબંધો જે પહેલાંની નીતિઓ અને નિર્ણયોને યથાવત્ હતા, તેને પ્રગાઢ કરવા માટેના મોદીજીના પ્રયાસોથી સમગ્ર દેશ વાકેફ છે. બે કદમ આગળ વધીને હસ્તધૂનન કરવું તથા અરસપરસ વિશ્વાસ રાખવાનું વાતાવરણ ભારતે પૂરા વિશ્વને પ્રતીત કરાવ્યું. શ્રદ્ધેય અટલજીનું અમર વાક્ય 'મિત્ર બદલે જા સકતે હૈં, પડોસી નહીં'ની દૃષ્ટિથી પોતાના પડોશીઓ સાથે મિત્રતાને જીવંત કરવાનો પ્રયત્ન જ ના કર્યો, બલકે આખું વિશ્વ સાક્ષી છે કે



ભારત કઈ રીતે આત્મીયતા અને સન્માનથી પોતાના સંબંધો માટે આગ્રહ રાખતું હોય છે. પાકિસ્તાનની દશકાઓ જૂની નીતિ સાથે ભારતનો પહેલાંનો અભિગમ અને અત્યારનો અભિગમ પાકિસ્તાન જોઈ રહ્યું છે. વર્તમાનમાં ચીન સાથે સીમા પર સર્જાયેલી સ્થિતિમાં મોદીજીના નેતૃત્વમાં દેશ અડગ વિશ્વાસ ધરાવે છે, જેનાથી દેશનું સૌથી વધુ પ્રભાવક અને મજબૂત સ્ટેન્ડ આજે ચીનની સામે દેખાઈ રહ્યું છે, જેણે ખુમારી સાથે પડોસીને અહેસાસ કરાવ્યો કે હવેનું ભારત સ્વાભિમાનથી જીવવાનું આત્મબળ ધરાવે છે, જ્યાં નાગરિક અને રાષ્ટ્રહિતનું અહિત થતું હોય ત્યાં સમજૂતી કરવામાં આવતી નથી. આ મનોબળ મોદીજીએ દેશવાસીઓમાં સીંચ્યું છે. 'ગરીબી' અને 'આમજનતા' હમણાં સુધી પોસ્ટરો અને નારાઓમાં સ્થાયી ભાવ સાથે મોજૂદ હતાં. મોદીજીએ આ બે મુદ્દાઓના સમાધાન માટે, તેના નિરાકરણ માટે ધરાતલ પણ આણીને પ્રયાસ આદરી દીધા. સરકારના વાયદાઓ પર ટકટકી લગાવીને પ્રતીક્ષા કરી રહેલી દેશની જનતાને વિશ્વાસ અપાવ્યો કે તેમની સરકાર પ્રજાની સેવા માટે કૃતસંકલ્પ છે. આજે દેશના નાગરિકો સરકારી યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. યોજનાઓ તેમના જીવનના દરેક પાસાને સ્પર્શી રહી છે અને પારદર્શી રીતે નાગરિકો પાસે સામે ચાલીને આવી રહી છે. સમાજના દરેક વર્ગનો આ સરકાર માટેનો આદરભાવ બતાવે છે કે સરકારે લોકતંત્રમાં લોકસન્માનનો ભાવ પ્રતિષ્ઠિત કર્યો છે.

### પ્રત્યક્ષ રૂપે ગરીબની સેવા કરી રહી છે

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના કાર્યકાળમાં ગરીબોને ધ્યાનમાં રાખીને બનાવેલી યોજનાઓ અને નીતિ પ્રત્યક્ષ રૂપે ગરીબની સેવા કરી રહી છે. તેમનું સન્માન, ભોજન, સ્વાસ્થ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર જેવી મૂળભૂત સમસ્યાઓના નિરાકરણ-ઉકેલ માટે મોદી સરકાર કાર્યરત છે. શૌચાલય જેવા આવશ્યક, પરંતુ ઉપેક્ષિત વિષય પર લાલ કિલ્લાની પ્રાચીર પરથી ચિંતા વ્યક્ત કરતાં મોદીજીએ ફક્ત પરંપરા જ નથી તોડી, બલકે અહેસાસ કરાવ્યો હતો કે રાષ્ટ્રજોગ પ્રવચનોમાં કહ્યું હતું કે કેવળ મસમોટા વિષયોની વાતો આલંકારિક રીતે કહેવાને બદલે ધરાતલની સચ્ચાઈને ઉજાગર કરી તેની ચર્ચા થવી જોઈએ અને તેને સાકાર કરવાનો સંકલ્પ આવા અવસરો વખતે લેવો જોઈએ.

### ટૂ ધ પીપલ, ફોર ધી પીપલ, બાય ધ પીપલ


જન-ધન ખાતાં, રોજગાર, આવાસ યોજના, કિસાન સન્માન નિધિ અને આયુષ્માન ભારત જેવી યોજનાઓ બતાવે છે કે સત્તા સુખ ભોગવવા માટે કે આગામી પેઢીઓને અમીર બનાવી દેવા માટે નથી. મોદીજીએ 'ટૂ ધ પીપલ, ફોર ધી પીપલ, બાય ધ પીપલ'ના વિચારને સાર્થક કર્યો. સામાન્ય જનને સરકારની ઉપયોગિતા, સરકારના નિર્ણયો અને પોતે એક આદર્શ નાગરિક હોવાનો અને રાષ્ટ્રીય અભિયાનોમાં નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનું વાતાવરણ બનાવ્યું.

**જમ્મુ-કાશ્મીરમાંથી ધારો-૩૭૦ને રદ કરીને એ બાબતને પુષ્ટિ આપવામાં આવી છે કે દેશના બધા જ નાગરિકો અને ક્ષેત્રો સમાન છે**

આ પહેલાં રાજકીય પક્ષો દ્વારા સત્તાને સ્થાયી બનાવી રાખવા માટેના ઉપક્રમ દેશમાં ચાલ્યા. વોટ-બેંકના ખેલના માઈન્ડ-સેટથી બહાર આવીને દેશના માટે વિચારવાનું દૃષ્ટિબિંદુ અવગત કરાવવું તે મોદીજીનું દીર્ઘદૃષ્ટિપૂર્ણ કાર્ય છે. તેમાં ગરીબ, જરૂરતમંદ માટેની ચિંતા અગ્રસ્થાને છે. લોકતંત્રમાં વિકાસ માટેના અવસરો વર્ગ કે વ્યક્તિના આધાર પર નહિ, બલકે, આવશ્યકતાના આધાર પર રહેશે. આ જ દૃષ્ટિકોણ અન્ય સિસ્ટમમાં પણ અપનાવાયો છે. જમ્મુ-કાશ્મીરમાંથી ધારો-૩૭૦ને રદ કરીને એ બાબતને પુષ્ટિ આપવામાં આવી છે કે દેશના બધા જ નાગરિકો અને ક્ષેત્રો સમાન છે. સમાન અધિકારો સાથે જ દરેકનો વિકાસ થશે. આપણા પૂ. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ આ બાબતને અનુલક્ષીને જ પોતાનું બલિદાન આપ્યું. અયોધ્યામાં ભવ્ય રામમંદિર બનાવવાનું સ્વપ્ન પણ મોદીજીની સરકારના કાર્યકાળમાં જ સાકાર થયું. મુસ્લિમ બહેનો માટે તીન તલાક જેવી બાબત એટલા માટે રદ કરવામાં આવી કે કોઈ સમાજની અડધોઅડધ આબાદી (વસ્તી)ને કોઈ પ્રથા-રીત-રિવાજ દ્વારા પીડિત ના કરી શકાય. આઝાદી પછીની સરકારોએ સરકારી સિસ્ટમમાં પોતાનાં અંગત હિતોને સાધવામાં તથા પોતાની તરફેણમાં ઢાળવાની નીતિ અપનાવી હતી.

### જો આપણે ઉપભોક્તા છીએ, તો ઉત્પાદક કેમ નહીં

આજે મોદીજીની સરકારમાં એ જ સરકારી તંત્ર સામાન્ય જનતા માટે જવાબદેય અને દાયિત્વશીલ બનીને વિકાસની નવી ગાથા લખી રહ્યું છે. આવા સુવિચારથી સરકારી તંત્રને મોદીજી દ્વારા આપવામાં આવેલો નવો દૃષ્ટિકોણ



આજે આપણને તેમના કામકાજમાં જોવા મળે છે. પ્રધાનમંત્રીજીએ કાયમ પોતાના સંબોધનમાં એકસો પચીસ કરોડ દેશવાસીઓને દેશની તકદીર બદલનાર સાધન અને સંસાધન માન્યા છે. અત્યાર સુધી જેને ભીડની સંજ્ઞા આપવામાં આવતી હતી, અને વધતી વસ્તીને બધી મુશ્કેલીઓનું મૂળ માનવામાં આવતું હતું, તેને નવી દૃષ્ટિ આપીને પ્રધાનમંત્રીજીએ તેને નવો અર્થ આપ્યો, 'જો આપણે ઉપભોક્તા છીએ, તો ઉત્પાદક કેમ નહીં ? ટેકનિકલ નિર્ભરતા બહારના દેશો પર આપણે રાખતા હતા. તેને બદલવાનું કામ મોદીજીએ કર્યું. મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયાએ દેશની ધમનીઓમાં વિકાસ-રોજગારનો સંચાર કરવાનું કામ કર્યું. પ્રધાનમંત્રીજીનાં સંબોધનોમાં હરેક વખતે દેશજનોને નવી ઊર્જા અને ઉમ્મીદોનો અહેસાસ થાય છે. તેમનાં અભિયાનોમાં દેશવાસીઓ આપમેળે જોડાઈ જાય છે. તેમનું પ્રેરક અભિયાન દેશને નવું ભારત બનાવવા માટે છે. છેલ્લાં છ વર્ષમાં દેશજનતાએ આ બધા બદલાવનો અનુભવ કર્યો છે. જીવનના દરેક પાસાને સ્પર્શ કરતો મોદીજીનો હર વિચાર અને દૃષ્ટિકોણથી તેમના પ્રત્યે દેશવાસીઓનો વિશ્વાસ દૃઢ થતો જાય છે.

**ઉત્કૃષ્ટ નેતાગીરી સાંપડવાથી પ્રજાને કેટલો બધો ફાયદો થાય છે**

એક ગરીબ પરિવારમાંથી આવેલા મોદીજીને આમ નાગરિકના રૂપમાં જે જે અનુભવો જીવનમાં થયા, તે તેમના ચિંતનનું સ્થાયી ઉત્પ્રેરક છે, જેને તેઓ હર યોજના, વિચાર અને કાર્યક્રમમાં પ્રમુખરૂપે સ્થાન આપે છે. આમઆદમી તેમની આ જ મૌલિકતાના લીધે તેમને પોતાની નિકટના માને છે. એક મહિલાની જિંદગીમાં શૌચાલય કેટલું મહત્ત્વપૂર્ણ છે, તે બબત પર સંવેદનશીલતાની પરાકાષ્ઠા સુધી વિચારવું અને તેને વાસ્તવિક રૂપ આપી રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ બનાવવો એ એક દુષ્કર કાર્ય હતું, તે એક જન-આંદોલન બની ગયું. શૌચાલય ના હોવાના કારણે કોઈ મહિલાની વિવશતાનો ઉલ્લેખ તેમનાં ઘણાં સંબોધનોમાં સાંભળવા મળે છે. ઈંધણની વ્યવસ્થા કરવી એ નારીની દિનચર્યા અને સમયને બગાડનારી બાબત હતી, તેનું નિરાકરણ લાવવા માટે ઉજ્જવલા યોજનાના રૂપમાં એક અભિયાન બની ગયું. પ્રધાનમંત્રીજી દ્વારા દીકરીઓનું શિક્ષણ, સ્વરોજગાર, સુરક્ષા અને માતૃત્વથી લઈને વૃદ્ધાવસ્થા સુધી દરેક જગાએ સરકારી યોજના કેટલી વરદાનરૂપ સાબિત થાય છે. આ બાબત બતાવે છે ઉત્કૃષ્ટ નેતાગીરી સાંપડવાથી પ્રજાને કેટલો બધો ફાયદો થાય છે.


**મોદી હૈ તો ભરોસા હૈ**

મહામારી કોરોનાએ આખા વિશ્વને ભરડામાં લીધું છે. સમાજજીવનના દરેક ક્ષેત્ર પર તેનો પ્રભાવ પડ્યો છે. ભારત પણ આમાંથી બાકાત નથી. વિશ્વમાં ભય અને નિરાશાનું વાતાવરણ ફેલાયું, પરંતુ ભારતે આનો મક્કમપણે મુકાબલો કર્યો. ૧. ૭૦ લાખ કરોડ રૂપિયાથી આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત થઈ. ગરીબોને રોજગાર આપવા માટે યોજના શરૂ થઈ. એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચરને દુરસ્ત કરવા માટે ૧ લાખ કરોડની યોજના બનાવવામાં આવી. વોકલ ફોર લોકલનું અભિયાન શરૂ કરીને પ્રધાનમંત્રીજીએ 'આત્મનિર્ભર ભારત'ને એક નવી દિશા આપી, 'મોદી હૈ તો ભરોસા હૈ' આ ભાવ પ્રધાનમંત્રીજીએ અચાનક ઊભો નથી કર્યો. ૨૦૧૪ની પરિસ્થિતિને યાદ કરો, તે વખતે ફક્ત ભ્રષ્ટાચારની જ ચર્ચાઓ થતી હતી, અને દેશ અવસાદની સ્થિતિમાં ગ્રસ્ત હતો. પ્રધાનમંત્રીશ્રી મોદીજીએ આ પરિસ્થિતિમાંથી દેશને ઉગાર્યો એટલું જ નહિ, પણ દેશવાસીઓમાં સકારાત્મક બળ પણ સીંચ્યું.

**આઝાદી બાદ પ્રથમ વખત એ બાબતની અનુભૂતિ થઈ કે ગરીબો માટે કામ કરનારી સરકાર કેવી હોય છે, દેશને વિકાસપંથે લઈ જનાર સરકાર કેવી હોય છે, અને દેશ માટેનો દુનિયાનો દૃષ્ટિકોણ બદલનાર સરકાર કેવી હોય છે**

કોરોનાના કેર પહેલાં દેશમાં વેન્ટિલેટરની સંખ્યા જૂજ હતી. આપણી સ્વાસ્થ્ય સેવાઓનું તંત્ર વૈશ્વિક મહામારી સામે લડવામાં સક્ષમ નહોતું. માસ્ક અને સેનિટાઈઝર માટે પણ આપણે અન્યો પર નિર્ભર હતા. લોકડાઉન જેવા ઐતિહાસિક નિર્ણયના સમયે સંક્રમણને રોકીને આપણે આપણા સ્વાસ્થ્યની બાબતને ફક્ત મજબૂત જ નથી કરી, પરંતુ માસ્ક અને સેનિટાઈઝરના ઉત્પાદનથી કોરોનાના કેરમાં લઘુઉદ્યોગ પણ શરૂ કર્યો, જેનાથી આપણી અન્યો પરની નિર્ભરતા પણ દૂર થઈ ગઈ. આજે આપણે પીપીઈ કીટ, ફેસ કવર અને વેન્ટિલેટરની નિકાસ કરી રહ્યા છીએ.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૬ વર્ષના કાર્યકાળમાં દેશજનતાને આઝાદી બાદ પ્રથમ વખત એ બાબતની અનુભૂતિ થઈ કે ગરીબો માટે કામ કરનારી સરકાર કેવી હોય છે, દેશને વિકાસપંથે લઈ જનાર સરકાર કેવી હોય છે, અને દેશ માટેનો દુનિયાનો દૃષ્ટિકોણ બદલનાર સરકાર કેવી હોય છે.








# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં દેશને એક એવું મજબૂત અને સક્ષમ નેતૃત્વ મળ્યું છે કે જેણે લોક-કલ્યાણકારી નીતિઓ દ્વારા ગરીબો અને શ્રમિકોને વિકાસની મુખ્ય ધારામાં જોડીને એક મજબૂત ભારતનો પાયો નાખ્યો છે - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે રાષ્ટ્રસેવા અને ગરીબ કલ્યાણ પ્રતિ સમર્પિત દેશના નેતા અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિન પ્રસંગે તેઓને અનેકાનેક શુભકામનાઓ પાઠવી દીર્ઘાયુષ્યની મંગલ કામના વ્યક્ત કરી હતી.

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં દેશને એક એવું મજબૂત અને સક્ષમ નેતૃત્વ મળ્યું છે કે જેણે લોક-કલ્યાણકારી નીતિઓ દ્વારા ગરીબો અને શ્રમિકોને વિકાસની મુખ્ય ધારામાં જોડીને એક મજબૂત ભારતનો પાયો નાખ્યો છે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે અનેક દસકાઓથી પોતાના અધિકારોથી વંચિત દેશના ગરીબોને ઘર, વીજળી, બેંક ખાતાં અને શૌચાલયની





**શ્રી નરેન્દ્રભાઈએ ખેડૂતોને આકાશી ખેતી છોડીને ટપક સિંચાઈ, સ્પ્રિંકલર અને ઓર્ગેનિક ખેતી કરતા થાય એ માટે શરૂ કરેલા કૃષિ મહોત્સવના પરિણામે રાજ્યનો કૃષિ વિકાસદર ડબલ ડીજીટમાં પહોંચ્યો છે**
**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાજયના ૬.૫ કરોડ નાગરિકો વતી શુભેચ્છાઓ આપતાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત માતા જગતજનની બને એવી ઈશ્વર એમને શક્તિ અને દીર્ઘાયુ આપે એવી પ્રાર્થના છે.

તેમણે ઉમેર્યું કે, કૃષિ સંસ્કૃતિના હિતેચ્છુ અને હિમાયતી રહેલા વડાપ્રધાનશ્રી જ્યારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ખેડૂતોને આકાશી ખેતી છોડીને ટપક સિંચાઈ, સ્પ્રિંકલર અને ઓર્ગેનિક ખેતી કરતા થાય એ માટે શરૂ કરેલા કૃષિ મહોત્સવના પરિણામે રાજ્યનો કૃષિ વિકાસદર ડબલ ડીજીટમાં પહોંચ્યો છે. તેમણે જમીનને પારખીને ખેડૂતો ખેતી કરે એ માટે સોઈલ હેલ્થકાર્ડ અને લેબ ટુ લેન્ડના અભિગમ થકી દીર્ઘદૃષ્ટિપૂર્વક આયોજન કર્યું જેના પરિણામે આ શક્ય બન્યું છે.

સુવિધા હોય કે ઉજ્જવલા યોજના મારફત દેશની ગરીબ માતાઓના ઘર સુધી ગેસ પહોંચાડી તેમને સન્માનપૂર્ણ જીવન આપવાનું હોય કે પછી વિશ્વની સૌથી મોટી આરોગ્ય યોજના "આયુષ્યમાન ભારત" અંતર્ગત દેશના કરોડો નાગરિકોને આરોગ્યનું સુરક્ષા કવચ પૂરું પાડવાનું હોય - આ તમામ આયામો માત્ર ને માત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અતૂટ સંકલ્પ અને મજબૂત ઈચ્છાશક્તિને કારણે સંભવ બન્યા છે.

શ્રી અમિતભાઈ શાહે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે એક મજબૂત, સુરક્ષિત અને આત્મનિર્ભર ભારત માટે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ ખપાવી દેનારા આવા મહાન નેતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં "મા ભારતી"ની સેવા કરવાનો અવસર મળવો એ ખૂબ સૌભાગ્ય ની વાત છે.

શ્રી અમિતભાઈ શાહે અંતમાં જણાવ્યું હતું કે દેશના કરોડો નાગરિકોના હૃદયમાં અતુલ્ય સ્થાન ધરાવતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્યની કામના સાથે તેઓ સદૈવ અને નિરંતર દેશસેવા કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવું છું.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એટલે નમ્રતા, વિવેક, કુનેહ, સૂઝબૂજ, ધગશ, સમર્પણ, સેવા, પરિશ્રમ, મજબૂત, સક્ષમ, અડગ, નિર્ણાયકતાનો સમન્વય**
**- સ્વામીશ્રી સચ્ચિદાનંદજી**


દેશ માટે જેમણે ખૂબ ટૂંકા ગાળામાં અનેક ઐતિહાસિક પરિણામલક્ષી કાર્યો કર્યાં છે, ઈતિહાસમાં જેમનો કોઈ જોટો નથી, તેવા દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને હું જન્મદિવસની અનંત શુભકામનાઓ પાઠવું છું.

કેટલાક મહાપુરુષોને દસ વર્ષ સુધી યાદ કરવામાં આવતા હોય છે, કેટલાકને સો વર્ષ સુધી યાદ કરવામાં આવતા હોય છે પરંતુ ખૂબ જ ઓછા મહાપુરુષ અને કર્મયોગીઓને હજાર વર્ષ એટલે કે સદીઓ સુધી તેમના યોગદાન માટે યાદ કરવામાં આવતા હોય છે, આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમનામાંથી એક છે.

આઝાદી બાદ આપણા દેશમાં લોકશાહી પછી વંશ-પરંપરાગત શાસનપદ્ધતિ બંધ થવી જોઈતી હતી પણ આપણું દુર્ભાગ્ય રહ્યું કે પંડિત નહેરુના કારણે તે બંધ ન થઈ શકી. દેશમાં ચાલી રહેલા વંશવાદની વચ્ચે ગુજરાતના નાનકડા ગામના ગરીબ પરિવારમાં જન્મેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના સમગ્ર જીવન દરમિયાન અનેક સંઘર્ષોની સાથે જીવી આપબળે એક પછી એક કદમ આગળ વધીને કરોડો દેશવાસીઓના આશીર્વાદથી વિશ્વની સૌથી મોટી લોકશાહીનું સુકાન સંભાળ્યું અને દેશને સુરાજ્ય તરફ આગળ ધપાવ્યું.

પ્રધાનમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદી સંસદમાં પ્રથમ વખત પ્રવેશી રહ્યા હતા ત્યારે સંસદના પગથિયા પર માથું ઝુકાવીને તેમણે સંસદને પ્રણામ કર્યાં, જે તેમની શાલીનતાનાં દર્શન કરાવે છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એટલે નમ્રતા, વિવેક, કુનેહ, સૂઝબૂજ, ધગશ, સમર્પણ, સેવા, પરિશ્રમ, મજબૂત, સક્ષમ, અડગ, નિર્ણાયકતાનો સમન્વય. ગુજરાતની જીવાદોરી એવી મા નર્મદા યોજના પૂર્ણ થવાનું શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શિરે





**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વિશ્વના એકમાત્ર એવા નેતા છે, કે જેમના જન્મદિવસની ઉજવણી 'સેવા સપ્તાહ' અંતર્ગત સતત સાત દિવસ સુધી સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને જનજાગૃતિના કાર્યક્રમો કરીને ઊજવવામાં આવી રહી હોય - શ્રી સી. આર. પાટીલ**

ગુજરાતની પવિત્ર ધરતીના સપૂત, દેશના રાજકીય ઈતિહાસમાં સર્વાધિક લોકપ્રિય જનનાયક, ગુજરાત તેમજ સમગ્ર દેશનું ગૌરવ, દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમના ૭૦મા જન્મદિવસ નિમિત્તે ગુજરાત ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા વતી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું.

તેઓ વિશ્વના એકમાત્ર એવા નેતા છે, કે જેમના જન્મદિવસની ઉજવણી 'સેવા સપ્તાહ' અંતર્ગત સતત સાત દિવસ સુધી સમગ્ર દેશમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને જનજાગૃતિના કાર્યક્રમો કરીને ઊજવવામાં આવી રહી હોય. ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને જરૂરિયાતમંદોની સેવા દ્વારા આપણાં લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ઉજવણી કરવા બદલ અભિનંદન પાઠવું છું.

**શ્રી નરેન્દ્રભાઈ કેન્દ્રમાં વડાપ્રધાન બનતાં ૧૭ દિવસમાં નર્મદા યોજનાને પૂર્ણ કક્ષાની ઊંચાઈએ લઈ જવા, દરવાજા સહિત પાણી ભરવાની મંજૂરી આપી હતી - નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**



નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશની આઝાદી બાદના ઈતિહાસમાં કદાચ પ્રથમ ઘટના હશે કે કોઈપણ રાજ્યના મુખ્યમંત્રીશ્રી રાજ્યના પ્રજાકલ્યાણ હિતમાં અને રાજ્યપ્રજાની જીવાદોરી સમાન નર્મદા યોજનાની ઊંચાઈ વધારવા ઉપવાસ પર ઊતર્યા હોય - તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જી. એમ.ડી.સી.ના મેદાનમાં સાધુ સંતો સાથે ઉપવાસ પર ઊતર્યા હતા ત્યારે કેન્દ્રની તત્કાલીન કોંગી સરકાર હચમચી ગઈ અને મંજૂરી આપવાની ફરજ પડી હતી.

શ્રી નરેન્દ્રભાઈ કેન્દ્રમાં વડાપ્રધાન બનતાં ૧૭ દિવસમાં નર્મદા યોજનાને પૂર્ણ કક્ષાની ઊંચાઈએ લઈ જવા, દરવાજા સહિત પાણી ભરવાની મંજૂરી આપી હતી, ગત વર્ષે નર્મદા પૂર્ણ સપાટીએ ભરાયેલ અને ચાલુ વર્ષે તારીખ ૧૭ સપ્ટેમ્બરે ૧૩૮.૬૫ મી.ની સપાટીએ નર્મદા ડેમ ભરાઈ ગયેલ છે.


જાય છે. મા નર્મદાનાં નીર આજે કચ્છ સુધી પહોંચ્યા છે. જો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારતીય જનતા પાર્ટી ન હોત તો કદાચ આજે પણ સરદાર સરોવર યોજના અધૂરી હોત.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબી જોઈ છે, ગરીબીમાં પોતાનું જીવન ગુજાર્યું છે એટલે તેઓ દેશના ગરીબ, વંચિત, શોષિતની પીડા સુપેરે જાણે છે અને તેના પરિણામસ્વરૂપ જ દેશના ગરીબને તેને મળવાપાત્ર જરૂરી તમામ મૂળભૂત સુવિધાઓ પ્રાપ્ત કરાવી રહ્યા છે અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવી રહ્યા છે

શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિદેશ નીતિનું જમા પાસું છે કે, આજે વિશ્વના અનેક મોટા દેશો ભારતની પડખે ઊભા છે, જ્યારે પાકિસ્તાન વૈશ્વિક સ્તરે એકલું અટૂલું પડી રહ્યું છે. સંરક્ષણ ક્ષેત્રે વિશેષ ભાર મૂકીને તેઓએ દેશને વધુ મજબૂતી આપી છે. ભારતના કોમવાદી, જાતિવાદી, વંશવાદી રાજકારણને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી 'સબકા સાથ, સબકા વિકાસ'ના સૂત્રને ચરિતાર્થ કરી વિકાસવાદી રાજકારણ તરફ લઈ ગયા છે.

**'વસુધૈવ કુટુંબકમ્'ના ભાવથી શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે વિશ્વકલ્યાણનો માર્ગ અપનાવી ભારતને પુનઃ વિશ્વગુરુ બનાવવા આગળ વધી રહ્યા છે - પૂજ્ય સંતશ્રી માધવપ્રિયદાસજી**

જેમ સાગરને ગાગરમાં ભરી ના શકાય તેમ શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંપૂર્ણ વ્યક્તિત્વને કોઈ એક વ્યાખ્યાનમાં કે પ્રવચનમાં સમાવવું શક્ય નથી. તેમના વિચારો, તેમનાં કાર્યો, તેમની વિચારધારા, તેમની કાર્યક્ષમતા અને તેમનું આખું જીવન પ્રેરણાદાયી છે. આ મહાપુરુષને ગાગરમાં ભરી શકાય તેમ નથી તેમ છતાં થોડા શબ્દો દ્વારા હું તેમને જેટલું



**ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર જીવન દરમિયાનની વિવિધ પ્રેરણાદાયી અને ઐતિહાસિક ઘટનાઓ ઉપર આધારિત પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન જાણીતા ઉદ્યોગપતિ, પદ્મશ્રી કરસનભાઈ પટેલ અને ભાજપાના વરિષ્ઠ અગ્રણી, પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રકાકાના હસ્તે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું**



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું બાલ્યાવસ્થાથી અત્યાર સુધીનું સમગ્ર જીવન પ્રેરણાદાયી રહ્યું છે ત્યારે, ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર જીવન દરમિયાનની વિવિધ પ્રેરણાદાયી અને ઐતિહાસિક ઘટનાઓ ઉપર આધારિત પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન જાણીતા ઉદ્યોગપતિ, પદ્મશ્રી કરસનભાઈ પટેલ અને ભાજપાના વરિષ્ઠ અગ્રણી, પ્રદેશ કોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રકાકાના હસ્તે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.


શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાત સહિત સમગ્ર ભારતનું ગૌરવ એવા આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંઘના સ્વયંસેવક, ભાજપામાં કાર્યકર્તા તરીકે તેમજ વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ, ગુજરાતના મુખ્યમંત્રીકાળ સહિત જીવનના દરેક તબક્કા દરમિયાન તેમની નેતૃત્વશક્તિનો પરિચય કરાવ્યો છે, તેમજ ૨૦૧૪થી તેઓ દેશના સવાસો કરોડ દેશવાસીઓના 'પ્રધાન સેવક' તરીકેની જવાબદારી સંપૂર્ણ સમર્પણ સાથે ખંતપૂર્વક નિભાવી રહ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સમગ્ર જીવન એક સંદેશ છે ત્યારે, આજે ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે ખુલ્લી મુકાયેલી પ્રદર્શની નિહાળી ભાજપા કાર્યકર્તાઓને અવશ્ય પ્રેરણા મળી રહેશે.

સમજ્યો છું તે વિષે વાત કરવાનો આ પ્રયત્ન છે.

ભારતની આ પુણ્યભૂમિમાં જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે અનેક મહાપુરુષો અવતર્યા છે. ભગવાનશ્રી કૃષ્ણ અવતર્યા, ચંદ્રગુપ્ત અને ચાણક્ય અવતર્યા, અનેક સંતો-મહંતો, તથાગતો, વીરપુરુષોએ જન્મ લીધો છે. આપણી આ ગરવી ગુર્જરધરાએ પણ સદીઓથી અનેક મહાપુરુષોને જન્મ આપ્યો છે. પૂજ્ય ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની આ જન્મભૂમિ છે. જેણે આપણને રાષ્ટ્રપ્રેમી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં એક મહાપુરુષ આપ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એક પ્રમાણિક, વિચક્ષણ અને દીર્ઘદ્રષ્ટા રાજપુરુષ છે. જેમણે ખૂબ જ ટૂંકા ગાળામાં વિશ્વમાં ભારતનું મહત્ત્વ અને પ્રભુત્વ પુનઃસ્થાપિત કરી વિશ્વની મહાસત્તાઓને હાથ જોડી નમસ્તે કરતા કરી દીધા છે. ભારતની પ્રાચીન ધરોહર યોગને આજે સમગ્ર વિશ્વે સ્વીકૃતિ આપી અને તેને જીવનશૈલીનો ભાગ બનાવી દીધો છે.

'વસુધૈવ કુટુંબકમ્'ના ભાવથી શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે વિશ્વકલ્યાણનો માર્ગ અપનાવી ભારતને પુનઃ વિશ્વગુરુ બનાવવા આગળ વધી રહ્યા છે. જેનું ગૌરવ સૌ ભારતીયો અનુભવી રહ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશ અને દુનિયાના રાજકીય વિશ્લેષકો, લેખકો, ચિંતકો એક સફળ રાજનેતા, સફળ શાસક માને છે પરંતુ અમારી દૃષ્ટિએ તો તેઓ એક શ્રેષ્ઠ આધ્યાત્મિક પુરુષ છે. તેમની ભીતર અધ્યાત્મ ભરેલું છે અને અધ્યાત્મ જ્યારે પાકે ત્યારે તેમાંથી સેવાની સુગંધ પ્રસરે છે. શ્રી નરેન્દ્રભાઈ 'જનસેવા



એ જ રાષ્ટ્રસેવા'ના મંત્રનો ભેખ લઈ કામ કરતો અલગારી મહાપુરુષ છે. જે પોતાના માટે નહીં પરંતુ બીજા માટે રાત-દિવસ મહેનત કરે છે.

શ્રી નરેન્દ્રભાઈની રાષ્ટ્રપૂજા અને રાષ્ટ્રભક્તિનું મૂળ પણ આધ્યાત્મિક છે. તેમણે આપેલું સૂત્ર 'સૌનો સાથ - સૌનો વિકાસ' પણ ભીતરી અધ્યાત્મમાંથી પાંગરેલું છે. તેમના જીવનમાં કોઈ નાતજાત કે ધર્મનો ભેદભાવ નથી. તેઓ માત્ર રાષ્ટ્ર પ્રથમના ભાવથી કાર્ય કરે છે. કોઈનું પણ તુષ્ટીકરણ કર્યા વગર વિકાસની ગંગા ઘરે ઘરે પહોંચાડવાનું ભગીરથ કાર્ય તેઓ કરી રહ્યા છે. વર્ષોથી સૌ રામભક્તો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે શ્રી રામજન્મભૂમિ અયોધ્યામાં ભવ્ય રામમંદિરના શિલાન્યાસમાં જવાનું સૌભાગ્ય ઈશ્વરકૃપાથી અમને પ્રાપ્ત થયું. રામભક્ત હનુમાનજીની જેમ શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૃઢ ઇચ્છાશક્તિ અને પ્રભુભક્તિને કારણે જ આ ઐતિહાસિક કાર્ય શક્ય બન્યું છે.

સદીઓથી અટવાયેલાં અનેક પ્રશ્નો શ્રી રામમંદિર, કલમ ૩૭૦, નાગરિકતા સંશોધન બીલ જેવા અનેક પ્રશ્નોનો સુખદ ઉકેલ શ્રી નરેન્દ્રભાઈ તેમની વિચક્ષણ બુદ્ધિક્ષમતાથી લાવ્યા છે. તાજેતરમાં જ વર્ષો જૂની શિક્ષણનીતિને પણ બદલાવી દેશના ઉજ્જવળ ભવિષ્યને નવી દિશા આપવાનું પુણ્યકર્મ તેમણે કર્યું છે.

**શ્રી નરેન્દ્રભાઈએ ભાજપા સંગઠનને મજબૂત બનાવવાનું અને રાષ્ટ્રવાદી વિચારને ઘર-ઘર સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે - શ્રી પરષોતમભાઈ રૂપાલા**

એક સામાન્ય પરિવારનો યુવાન જે અનેક વિપરીત સંજોગોમાંથી પસાર થઈ નાનપણથી જ 'મા ભારતી'ની સેવા માટે કટિબદ્ધ થઈ આખું જીવન રાષ્ટ્ર માટે સમર્પિત કરી દે છે અને આજે ભારતને ફરીથી વિશ્વગુરુ બનાવવા માટે રાત-દિવસ પરિશ્રમ કરી રહ્યા છે તેવા આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એક વિરલ વ્યક્તિત્વ ધરાવતા વિશ્વનેતા છે યુગપુરુષ છે.

શ્રી નરેન્દ્રભાઈએ લોકસંગઠક તરીકે સાવ નાના પાયાથી કામ કરીને, ગામડે-ગામડાં ખૂંદીને, લોકો વચ્ચે જઈને ગુજરાતમાં ભાજપા સંગઠનને મજબૂત બનાવવાનું અને રાષ્ટ્રવાદી વિચારને ઘર-ઘર સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવીનતમ વિચારો સાથે અસંખ્ય નવા નવા ચીલાઓ ચીતર્યા છે. રાજ્યકક્ષાના કાર્યક્રમો જિલ્લાકક્ષાએ, જિલ્લાકક્ષાના કાર્યક્રમો તાલુકાકક્ષાએ લઈ જવા, ખેડૂતોની સમૃદ્ધિ માટે કૃષિરથ અને કૃષિ-મહોત્સવ જેમાં વૈજ્ઞાનિકો અને અધિકારીઓ એક મહિનો ખેડૂતો વચ્ચે જાય, આવાં અનેકવિધ કાર્યો તથા યોજનાઓનું સફળ આયોજન અને અમલીકરણ કર્યું છે, જેનો લાભ ગુજરાતના ખેડૂતો, શ્રમિકો, આદિવાસીઓ, ગરીબો સહિત તમામ વર્ગને મળી રહ્યો છે.


કામને આધારે લોકો વચ્ચે જવું, સરકાર અને લોકો વચ્ચે સીધો સંવાદ, લોકો વચ્ચે જઈ કામનો હિસાબ આપવાની સાથે ગુજરાતના તમામ વર્ગો અને વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય તે પ્રકારની કાર્યયોજના સાથે વિકાસની રાજનીતિની નવી શરૂઆત અને સફળતાનો યશ શ્રી નરેન્દ્રભાઈ મોદીના શિરે જાય છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવીનતમ વિચારો સાથે અસંખ્ય નવા નવા ચીલાઓ ચીતર્યા છે. રાજ્યકક્ષાના કાર્યક્રમો જિલ્લાકક્ષાએ, જિલ્લાકક્ષાના કાર્યક્રમો તાલુકાકક્ષાએ લઈ જવા, ખેડૂતોની સમૃદ્ધિ માટે કૃષિરથ અને કૃષિ-મહોત્સવ જેમાં વૈજ્ઞાનિકો અને અધિકારીઓ એક મહિનો ખેડૂતો વચ્ચે જાય, આવાં અનેકવિધ કાર્યો તથા યોજનાઓનું સફળ આયોજન અને અમલીકરણ કર્યું છે, જેનો લાભ ગુજરાતના ખેડૂતો, શ્રમિકો, આદિવાસીઓ, ગરીબો સહિત તમામ વર્ગને મળી રહ્યો છે. કામને આધારે લોકો વચ્ચે જવું, સરકાર અને લોકો વચ્ચે સીધો સંવાદ, લોકો વચ્ચે જઈ કામનો હિસાબ આપવાની સાથે ગુજરાતના તમામ વર્ગો અને વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય તે પ્રકારની કાર્યયોજના સાથે વિકાસની રાજનીતિની નવી શરૂઆત અને સફળતાનો યશ શ્રી નરેન્દ્રભાઈ મોદીના શિરે જાય છે.

**શ્રી નરેન્દ્રભાઈએ પોતાના પરિવારમાંથી કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનું રાજકીય પદ ન આપીને તેમણે રાજનીતિમાંથી સગાવાદ અને વંશવાદને નેસ્તનાબૂદ કરવાની એક પહેલ કરી છે - શ્રી દેવેન્દ્રભાઈ પટેલ**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા યુગપુરુષ દેશને ખૂબ ઓછા મળ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આપેલું યોગદાન અમૂલ્ય છે, ઈતિહાસમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું નામ સુવર્ણઅક્ષરે કંડારાશે.

વરિષ્ઠ પત્રકારશ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ભૂતકાળમાં થયેલી રૂબરૂ મુલાકાતો વિશે તેમજ સંઘના સ્વયંસેવક, કટોકટી સમયના, ભાજપા સંગઠનમાં જવાબદારી વખતના, મુખ્યમંત્રીશ્રી તેમજ પ્રધાનમંત્રીશ્રી તરીકેના સમયમાં



શ્રી મોદીના પ્રેરણાદાયી કિસ્સાઓ વિશે વિગતવાર છણાવટ કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૂઝબૂજ, સરળતા, સેન્સ ઓફ હ્યુમર, મજબૂત નિર્ણયશક્તિ, સમર્પણ, કોઈ પણ પરિસ્થિતિ સામે મક્કમતાથી લડવાની આવડત, રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા અંગે તેમના અનુભવો જણાવ્યા હતા.

શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની રાજનીતિમાં ૩૬૦ ડિગ્રીનો ફેરફાર લાવ્યા છે. પોતાના પરિવારમાંથી કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનું રાજકીય પદ ન આપીને તેમણે રાજનીતિમાંથી સગાવાદ અને વંશવાદને નેસ્તનાબૂદ કરવાની એક પહેલ કરી છે. 'ચા-વાળો' કહીને રાજકીય વિરોધીઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું અપમાન કર્યું, તેમની કાર્યક્ષમતા પર પ્રશ્નો ઊભા કર્યા, પરંતુ દેશની જનતાએ એક સામાન્ય પરિવારમાંથી આવતા કોમનમેન ઉપર ભરોસો મૂક્યો અને દેશના પ્રધાનમંત્રી તરીકેની જવાબદારી સોંપી અને આજે તેનાં સકારાત્મક અને ઐતિહાસિક પરિણામ આપણી સમક્ષ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનનો દરેક તબક્કો પ્રેરણાદાયી રહ્યો છે, તેમનું જીવન ત્યાગ, સંઘર્ષ, કઠોર પરિશ્રમનું પર્યાય રહ્યું છે, વિકટ પરિસ્થિતિમાં પણ પડકારોનો સામનો કરીને દૃઢ ઈચ્છાશક્તિથી તેમાંથી ઉપર ઊઠવાનું કાર્ય તેમણે કર્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની રાજકીય સૂઝબૂજથી ભારતની વિદેશ નીતિમાં આમૂલ પરિવર્તન લાવી વૈશ્વિક સ્તરે ભારતની એક આગવી છાપ ઊભી કરી છે, વિશ્વના અનેક દેશો સાથે ભારતની મિત્રતા વધી છે.


શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર જીવન પર તેમના આધ્યાત્મિક આચરણનો વિશેષ પ્રભાવ રહ્યો છે. તેમના વાણી, વર્તન, વિચાર અને વલણ પર ઊંડી આધ્યાત્મિકતાની છાપને આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ - પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીજી

**આ દેશને બે નરેન્દ્રએ ગૌરવ અપાવેલ છે. એક નરેન્દ્ર એટલે સ્વામી વિવેકાનંદ અને બીજા નરેન્દ્ર એટલે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી - શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ**

થાનગઢની હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય અને લોકસાહિત્યકારશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મદિનની શુભકામના પાઠવીને જણાવ્યું હતું કે અન્ય લોકોના જન્મદિને જિંદગીમાં વર્ષો ઉમેરાતાં જાય છે જ્યારે શ્રી નરેન્દ્રભાઈ વર્ષોમાં જીવન ઉમેરાતું જાય છે. શ્રી નરેન્દ્રભાઈનું વ્યક્તિત્વ વિશ્વની ક્ષિતિજ સુધી પહોંચી ગયેલ છે. આ દેશને બે નરેન્દ્રએ ગૌરવ અપાવેલ છે. એક નરેન્દ્ર એટલે સ્વામી વિવેકાનંદજી તેઓ કલકત્તાથી કન્યાકુમારી ગયા અને જીવનની સાર્થકતાનું ચિંતન કર્યું , માનવસેવા એ જ ઈશ્વર સેવા છે, ૧૮૯૩માં શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદમાં હાજરી આપીને સૌને દિગ્મૂઢ કરી દીધા હતા, અને બીજા નરેન્દ્ર એટલે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, તેઓ વડનગરથી રવાના થઈને પરિભ્રમણ કરતાં હિમાલય પહોંચ્યા, પ્રકૃતિ પરમાત્માનું સ્વરૂપ છે, તેઓએ મનોમંથન-ચિંતન કર્યું, જીવનની સાર્થકતા દેશસેવામાં છે, દેશસેવામાં જીવન વ્યતીત કરવું છે.

શ્રી શાહબુદ્દીનભાઈએ વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૩૬૫ સીટો મેળવીનેશ્રી નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા હતા તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે તેઓ લોકસભામાં એક મંદિરમાં ભક્તો પ્રવેશે તે રીતે પ્રવેશ્યા હતા. કેન્દ્રની પ્રથમ ટર્મમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત તેમના ૪૬ પ્રધાનો ભારતની આઝાદી બાદ જન્મ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તારીખ ૧૫ ઓગસ્ટના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી પ્રજાને પ્રવચનમાં પોતાને પ્રધાનમંત્રીના બદલે પ્રધાન સેવક તરીકે પ્રસ્થાપિત કર્યા છે. હું ગરીબ પરિવારમાંથી આવું છું, આપણે ગરીબી દૂર કરવા પ્રયાસ કરવો જોઈએ, મહિલાઓનું સન્માન જળવાવું જોઈએ, મહિલાઓનું સન્માન જળવાઈ રહે તે રાષ્ટ્રની જવાબદારી છે, દરેક નાગરિક કમાણી કરીને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે છે. તેઓ તેમના ઉદ્‌બોધનમાં કહ્યું કે, અત્યાર સુધી કેન્દ્ર-રાજ્ય સરકારોએ દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપેલ છે. સ્વચ્છતાનો સંદેશ આપનાર તેઓ પ્રથમ વડાપ્રધાન છે કે જેમણે લાલ કિલ્લા પરના પ્રવચનમાં સંદેશો આપી મેક ઈન ઈન્ડિયા, આદર્શ ગ્રામ યોજના વગેરે જાહેરાતો કરી હતી.

તેમણે શ્રી નરેન્દ્રભાઈ મોદીના અમેરિકાના પ્રવાસનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે તેમણે અમેરિકામાં વસતા આપણા બિનનિવાસી ભારતીયોને સંબોધનમાં ડેમોક્રેસી, ડેમોગ્રાફી, ડિમાન્ડ સંદર્ભે વિસ્તૃત છણાવટ કરીને ભારતની તાકાત દર્શાવી હતી. અમેરિકાના વિશ્વવિખ્યાત ટાઈમ્સ મેગેઝિને વિશ્વના ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની યાદીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામનો સમાવેશ કરેલ છે, શ્રી ઓબામાએ પણ નરેન્દ્રભાઈને બિરદાવેલ છે.





# ખેડૂતોને આઝાદીનાં ૭૨ વર્ષ પછી વચેટિયાઓથી આઝાદી મળશે - શ્રી અમિતભાઈ શાહ


વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકાર પોતાના પ્રથમ કાર્યકાળના પ્રારંભથી જ ખેડૂતોનાં હિત જાળવવા માટે કટિબદ્ધ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવાનું ધ્યેય રાખીને આ સરકાર આગળ વધી રહી છે અને આ દિશામાં ખેત ઉત્પાદન, તેનું માળખું અને માર્કેટિંગની વ્યવસ્થામાં સુધારા લાવવાની દિશામાં સરકારે અનેક કદમ ઉઠાવ્યાં છે.

આ પ્રયાસોની કડીમાં જ સરકાર ખેતસુધારા સંબંધી ત્રણ વિધેયક ગૃહમાં લઈને આવી હતી, જેમાંનાં બે વિધેયક વિપક્ષના અયોગ્ય અને અતાર્કિક વિરોધ છતાં પણ બંને ગ્રહોમાં મંજૂર થઈને હવે કાયદો બની ગયા છે. ખેતઊપજ, વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સરળીકરણ) તેમજ ખેડૂત (સશક્તીકરણ અને સંરક્ષણ) કિંમત આશ્વાસન નામના આ બંને વિધેયક ખેડૂતોને આર્થિક મજબૂતી પૂરી પાડવાની સાથે-સાથે કૃષિ ક્ષેત્રના વિકાસને સુનિશ્ચિત કરનારા છે.

આમાંનું પહેલું વિધેયક દેશના અન દાતાને વચેટિયાઓની પક્કડમાંથી મુક્ત કરીને આઝાદી આપવાની સાથે-સાથે તેમની ઈચ્છા મુજબના ભાવે વેચાણ કરવાની આઝાદી પૂરી પાડશે. આ વિધેયક પહેલાં ખેડૂતોએ ચાર અવરોધોનો સામનો કરવો પડતો હતો. તેમનું બજાર માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત હતું. પાયાની માળખાગત સુવિધાઓનો અભાવ હતો અને ખરીદનારા પણ મર્યાદિત હતા તથા પાયાની સુવિધાઓનો પણ અભાવ હતો. આ સ્થિતિને કારણે ખેડૂતોને વધારે પરિવહન ખર્ચ, બજારોમાં લાંબી કતારો, હરાજીમાં વિલંબ અને સ્થાનિક માફિયાઓના જોર-જુલમનો માર ભોગવવો પડતો હતો. હવે આ વિધેયક કાયદો બની જશે એટલે ખેડૂતોને આ ચારે અવરોધોમાંથી મુક્તિ મળશે અને તેનાથી તેમને રાષ્ટ્રીય બજારમાં તકો પ્રાપ્ત થશે. વચેટિયાઓની ચુંગાલમાંથી મુક્તિ મળશે. ખેતરના પ્રવેશદ્વારથી જ ખેતપેદાશની છૂટ મળતાં હેરફેર માટેના ખર્ચની બચત થશે. તે પોતાની ખેતપેદાશોનો સંગ્રહ કરીને યોગ્ય સમયે તેનું વેચાણ કરી શકશે. હવે વાસ્તવમાં આપણું 'એક દેશ એક બજાર'નું સપનું સાકાર થશે અને દેશના ખેડૂતોને આઝાદીનાં ૭૨ વર્ષ પછી સાચા અર્થમાં વચેટિયાઓથી આઝાદી મળશે.

બીજું વિધેયક વાવણીના સ્તરે જ બજારનો સંપર્ક કરવાની તક પૂરી પાડે છે, જેનાથી ઉત્પાદનનાં જોખમો અને ભાવ માટેના જોખમ બંનેમાંથી રાહત પ્રાપ્ત થાય છે. આને કારણે બહેતર ઔદ્યોગિક એકમોનો પ્રારંભ પણ કરી શકાય છે, જેના કારણે તે જથ્થાબંધ વેપારીઓ અને મોટા છૂટક વેપારીઓ તેમજ નિકાસકારો સાથે કરાર દ્વારા પણ જોડાઈ શકે છે. આવો કરાર કરનાર ખેડૂતોને ધિરાણની સુવિધા, ટેક્નિકલ સહાય. બીજની ઉપલબ્ધિ અને પાક વીમો ઉપલબ્ધ કરાવી શકાશે. વાસ્તવમાં દેશમાં ખેડૂતોનું હિત ત્યાં સુધી સુનિશ્ચિત નહીં થાય જ્યાં સુધી ખેતી ક્ષેત્રે મોટું મૂડીરોકાણ આવશે નહીં.

અત્યાર સુધી કાનૂની બંધનોને કારણે આ ક્ષેત્રમાં મૂડીરોકાણ માટેનો માર્ગ રોકાઈ ગયો હતો. હવે ખેતીક્ષેત્રે નવાં કાયદા આવતાં આ અવરોધ સમાપ્ત થઈ ગયો છે. કૃષિ ક્ષેત્રમાં ખાનગી રોકાણો આવતાં તેમાં સંગ્રહ, પરિવહન તથા ખેતી આધારિત કૃષિ ઉદ્યોગો સ્થાપવાનો માર્ગ ખૂલી જશે અને તેનો લાભ દેશના તમામ ખેડૂતોને મળશે. તેના પરિણામે ખેડૂત રોકડિયા પાક અને ખેતઉદ્યોગોની જરૂરિયાત મુજબ ખેતી કરીને પોતાની આવકમાં અનેકગણો વધારો કરી શકશે. એ બાબત સ્પષ્ટ છે કે આ બંને વિધેયકે દરેક પ્રકારે ખેતી ક્ષેત્રે અને ખેડૂતોના હિતમાં છે અને આ ક્ષેત્રમાં મોટું પરિવર્તન લાવવાની સંભાવના ધરાવે છે. અહીંયાં એ નોંધ લેવી આવશ્યક છે કે, આ બંને વિધેયક ખેડૂતના માલિકીના હક્ક અને ખેતીના અધિકારને પડકાર ઊભા કર્યા વગર ખાનગી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરશે.




## ૨૧મી સદીમાં ભારતનો ખેડૂત બંધનોમાં નહીં, ખૂલીને ખેતી કરશે. ૨૧મી સદીનો ખેડૂત જ્યાં મન કરે ત્યાં પાક વેચશે અને વધુ પૈસા મળે ત્યાં પાક વેચશે

**- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**



| અસત્ય | સત્ય |
|---|---|
| ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ ન આપવા માટે, કૃષિ બિલ એક દાવપેચ છે. | કૃષિ બિલને લઘુતમ ટેકાના ભાવ સાથે કંઈ લેવાદેવા નથી, એમએસપી મૂલ્ય મળતું રહ્યું છે, મળતું રહેશે ! |
| હવે બજારોનો અંત આવી જશે. | બજાર-વ્યવસ્થા પહેલાંની જેમ જ ચાલુ રહેશે |
| કષિ બિલ ખેડૂત વિરોધી છે. | કૃષિ બિલ ખેડૂતની આઝાદી છે. વન નેશન, વન માર્કેટથી હવે ખેડૂત પોતાનો પાક ક્યાંય પણ, કોઈને પણ વેચી શકે છે. હવે ખેડૂત કોઈના પર નિર્ભર રહેવાના બદલે મોટી ખાદ્ય ઉત્પાદક કંપનીઓ સાથે ભાગીદારની જેમ જોડાઈને વધુ નફો કમાઈ શકશે. |
| મોટી કંપનીઓ કોન્ટ્રેક્ટના નામે ખેડૂતોનું શોષણ કરશે. | કરારથી ખેડૂતોને નિર્ધારિત કિંમત મેળવવાની ગેરંટી મળશે, પરંતુ ખેડૂતને કોઈપણ કરારમાં બાંધી શકાશે નહીં. ખેડૂત કોઈપણ તબક્કે કરારમાંથી નીકળી જવા સ્વતંત્ર રહેશે, તે પણ કોઈપણ પેનલ્ટી વગર. |
| ખેડૂતોની જમીન મૂડીપતિઓને આપી દેવાશે. | બિલમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ છે, ખેડૂતોની જમીનને વેચાણ, લીઝ અને ગીરવે મૂકવાનો પૂર્ણરૂપે નિષેધ છે. કરારપાકનો થશે, નહીં કે જમીનનો. |
| મોટા કોર્પોરેટરને ફાયદો, ખેડૂતને નુકસાન. | ઘણાં રાજ્યોમાં ખેડૂત સફળતાપૂર્વક મોટા કોર્પોરેટ સાથે શેરડી, કપાસ, ચા, કોફી જેવાં ઉત્પાદનો પ્રોડ્યુસ કરી રહ્યા છે. હવે નાના ખેડૂતોને થશે મોટો ફાયદો, તેમને ગેરંટેડ નફા સાથે મળશે ટેક્નોલોજી અને ઉપકરણોનો લાભ. |



સરકાર દ્વારા ગૃહમાં અને ગૃહની બહાર પણ એ બાબત સ્પષ્ટપણે કહેવામાં આવી છે કે આ કાયદા આવવાથી ટેકાના લઘુતમ ભાવને કોઈ અસર થશે નહીં, તે વ્યવસ્થા ચાલુ જ રહેવાની છે. પરંતુ હવે ખેડૂતો પાસે તે સિવાયના વિકલ્પો પણ ઉપલબ્ધ થયા છે. અમારી સરકારે ટેકાના લઘુતમ ભાવમાં દોઢગણો વધારો કરવાનું કામ કર્યું છે તો પછી અમે તે શા માટે ખતમ કરીશું?

મોદીજી વડા પ્રધાન બન્યા તે પછી દેશની ખેતીના બજેટમાં ૩૫. ૬ ટકાનો વધારો થયો છે. ૧૬. ૩૮ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં છે. માઈક્રો ઈરિગેશનમાં ૩૯. ૪ ટકાનો વધારો થયો છે. કૃષિ યાંત્રીકરણનું બજેટ ૧, ૨૪૮ ગણું કરવામાં આવ્યું છે. ખેતી માટેના ધિરાણમાં ૫૭ ટકાનો વધારો થયો છે અને ખેતી માટે આપવામાં આવતી છૂટછાટથી રોકાણ ૧૫૦ ટકાથી વધારે થયું છે. આ પ્રયાસોના પરિણામે આ સરકારના કાર્યકાળ દરમિયાન માત્ર ૬ વર્ષમાં અનાજના ઉત્પાદનમાં ૭. ૨૯ ટકા અને બાગાયતી પેદાશોના ઉત્પાદનમાં ૧૨. ૪ ટકા તથા કઠોળના ઉત્પાદનમાં ૨૦. ૫ ટકાનો વધારો થયો છે.

આ ઉપરાંત મોદી સરકારે પાક વીમા યોજનાઓ દ્વારા ખેડૂતોને સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. આ યોજના હેઠળ વીમો લેનાર ખેડૂતોની સંખ્યા ૬. ૬૬ કરોડથી વધીને ૧૩. ૨૬ કરોડ થઈ છે. કિસાન સન્માન નિધિનો લાભ આજથી સુધી ૧૧ કરોડ ખેડૂતોને મળ્યો છે અને અત્યાર સુધીમાં રૂ. ૯૩ હજાર કરોડની રકમ ખેડૂતોના ખાતામાં સીધી જમા થઈ છે, જેમાં લૉકડાઉનના ગાળા દરમિયાન ખેડૂતોને સહાય કરવા માટે આશરે રૂ. ૨૨, ૦૦૦ કરોડ જમા કરાવવામાં આવ્યા હતા. તે જ રીતે પેન્શન યોજનામાં અત્યાર સુધીમાં ૧૯.૯ લાખ ખેડૂતો નોંધાઈ ચૂક્યા છે.

આ ઉપરાંત મોદી સરકારે રૂ. એક લાખ કરોડની મૂડીભંડોળથી ધિરાણ પ્રોત્સાહનની એક નવી કેન્દ્રીય યોજના શરૂ કરી છે. આ યોજનાને કારણે ખેડૂતોની પ્રાથમિક ખેત સહકારી સમિતિઓ, ખેડૂત ઉત્પાદન સંગઠનો, કૃષિ કામદારો વગેરેને સામુદાયિક ખેતીની વિવિધ ઊપજ અને ફસલ ઉપરાંત ખેતીના મૂળભૂત માળખાની વ્યવસ્થા ગોઠવવા માટે સહાય કરવામાં આવશે. આ એક ઐતિહાસિક કદમ છે કે જે વડાપ્રધાનની દીર્ઘદૃષ્ટિ ધરાવતી વિચારધારા બતાવે છે. આ પગલાંઓનું પરિણામ ઝડપથી દેશની સામે આવશે અને 'આત્મનિર્ભર ભારત'ના આ સમયમાં આપણે દેશના ખેડૂતોને સર્વ પ્રકારે આત્મનિર્ભર અને સશક્ત બનાવવામાં સફળ થઈશું.


•


## દેશમાં બંધનોમાં કેદ કરોડો ખેડૂતો વચેટિયાઓથી આઝાદ થયા - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



સંસદમાં કૃષિ સંબંધિત ત્રણ બિલ પસાર થઈ જતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વીટ કરીને ભારતના કૃષિ ઈતિહાસમાં આ દિવસને ઐતિહાસિક ગણાવ્યો હતો. તેમણે કહ્યું ભારતના કૃષિ ઈતિહાસમાં આજે એક મોટો દિવસ છે. સંસદમાં મહત્ત્વપૂર્ણ બિલ પસાર થઈ જતાં હું મારા મહેનતુ અન્નદાતાઓને અભિનંદન આપું છું. આ બિલો માત્ર કૃષિ ક્ષેત્રમાં ધરમૂળ પરિવર્તન જ નહીં લાવે, પરંતુ તેનાથી કરોડો ખેડૂતો સશક્ત થશે. આ સાથે જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે દાયકાઓ સુધી આપણાં ખેડૂત ભાઈ-બહેન અનેક પ્રકારનાં બંધનોમાં જકડાયેલાં હતાં અને તેમને વચેટિયાઓનો સામનો કરવો પડતો હતો. સંસદમાં પસાર બિલથી અન્નદાતાઓને હવે બધાથી આઝાદી મળી ગઈ છે. તેનાથી ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસોને બળ મળશે અને તેમની સમૃદ્ધિ સુનિશ્ચિત થશે.

આપણા કૃષિ ક્ષેત્રને આધુનિક ટેક્નિકની તાત્કાલિક જરૂર છે, કારણ કે તેનાથી મહેનતુ ખેડૂતોને મદદ મળશે. હવે આ બિલો પાસ થવાથી આપણા ખેડૂતોની પહોંચ ભવિષ્યની ટેક્નોલોજી સુધી સરળ થશે. તેનાથી માત્ર ઊપજ જ નહીં વધે, પરંતુ સારાં પરિણામ સામે આવશે. આ એક સ્વાગત યોગ્ય પગલું છે. તેમણે ઉમેર્યું કે હું પહેલાં પણ કહી ચૂક્યો છું અને ફરી એક વખત કહું છું કે એમએસપી (ટેકના ભાવ)ની વ્યવસ્થા ચાલુ રહેશે. અમે અહીં આપણા ખેડૂતોની સેવા માટે છીએ. અમે અનનદાતાઓની મદદ માટે શક્ય તમામ પ્રયાસ કરીશું અને તેમની આગામી પેઢીઓનું સારું જીવન સુનિશ્ચિત કરીશું.





# કૃષિસુધાર બિલમાં ફક્ત અને ફક્ત ખેડૂતોના હિતોની વાત છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા

કેન્દ્રીય કૃષિ રાજયમંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં પસાર કરવામાં આવેલ ‘કૃષિસુધારા બિલ ૨૦૨૦’ અંગે વિવિધ મુદ્દે સૌને માર્ગદર્શન આપ્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં પસાર કરાયેલા કૃષિસુધારા બિલ ૨૦૨૦ અંતર્ગત ‘The Farmers’ Produce Trade and Commerce (Promotion and Facilitation) Bill, 2020’ y™u ‘The Farmers (Empowerment and Protection) Agreement of Price Assurance and Farm Services Bill, 2020’માં ખેડૂતોને કોઈપણ પ્રકારનું નુકસાન થાય તેવી એક પણ જોગવાઈ નથી, રાજકીય વિરોધીઓ ફક્ત અને ફક્ત રાજકીય રોટલા શેકવા માટે દેશના કરોડો ખેડૂતોના હિતમાં લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય અંગે અપપ્રચાર કરી ભ્રામકતા ફેલાવી રહ્યા છે. દેશ આઝાદ થયો ત્યારથી જ દેશના રાજકારણમાં ‘ખેડૂત’ શબ્દનો ખૂબ જ ઉપયોગ થયો છે, પણ તેમાં એક માત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એવા નેતા છે જેમણે દેશના કરોડો ખેડૂતોની આવક બમણી કરવા અંગે નિવેદન કર્યું અને તેને પરિપૂર્ણ કરવા માટે આજે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ખેડૂતો માટે અનેકવિધ ઐતિહાસિક નિર્ણય તેઓ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, ૨૦૦૪માં બનાવવામાં આવેલા ‘સ્વામીનાથન આયોગ’ના અહેવાલમાં દર્શાવાયેલાં સૂચનોને લાગુ કરવાની માગણી અનેક વર્ષોથી દેશભરના ખેડૂત સંગઠનો અને ખેડૂતો કરી રહ્યાં હતાં, ૧૦ વર્ષ સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર રહી પણ તેમણે આ અંગે કંઈ ન કર્યું અને આજે દેશના ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું પાપ કોંગ્રેસ કરી રહી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકીય ઇચ્છાશક્તિ દાખવી ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં આ કૃષિસુધારાઓ થકી એક સૂચક પગલું ભર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, આ કૃષિસુધારા બિલ અંગે રાજકીય વિરોધીઓ દ્વારા એવું કહી દેશના ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે કે, તેના અમલથી કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોની જમીન વેપારીઓ અને ઉદ્યોગપતિઓને વેચી રહી છે, પરંતુ તથ્ય એ છે કે, આ બિલમાં પ્રાઈવેટ કંપની કે વેપારી સાથે ખેડૂતોની જમીન અંગેના કરારની કોઈ જોગવાઈ જ નથી. ખેડૂત પોતાની જમીન ઉપર ઊગનારી પેદાશના ભાવ અંગેનો કરાર વેપારી કે કંપની સાથે કરી કાયદાકીય સુરક્ષા સાથે વધુ સારું આર્થિક ઉપાર્જન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.


જો કોઈ કંપની કે વેપારી ખેડૂત સાથે થયેલા કરારમાં કોઈ ચૂક કરે તો ખેડૂત સ્થાનિક SDMને ફરિયાદ કરી શકશે જેનો ૩૦ દિવસમાં નિકાલ કરી ખેડૂતને વળતર અપાવવાની જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે. આમ આ બિલમાં ખેડૂતોને કાયદાકીય સુરક્ષા સાથે ખેડૂતોનાં હિતોનું રક્ષણ થાય તે પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ સહિતના રાજકીય વિરોધીઓ ટેકાના ભાવ (MSP)થી ખેડૂતોની પેદાશોની ખરીદી કેન્દ્ર સરકાર આ બિલ દ્વારા બંધ કરી રહી છે તેવો દુષ્પ્રચાર કરીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ કૃષિસુધારા બિલને MSP સાથે કોઈ જ લેવાદેવા નથી. MSPથી ખેતપેદાશોની ખરીદી થઈ રહી છે, અને આગળ પણ થતી રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા ઘઉં, ચણા દાળ, મસૂર, રાઈ, તેલીબિયાં સહિતના રવિ પાકના MSP-ટેકાના ભાવમાં કરાયેલો વધારો કેન્દ્ર સરકાર ટેકાના ભાવથી ખેતપેદાશોની ખરીદી બંધ કરી રહી છે તેવો અપપ્રચાર કરનાર કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષોને જડબાતોડ જવાબ છે.

તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન વ્યવસ્થામાં દેશભરના ખેડૂતો પોતાના વિસ્તારની આસપાસની સ્થાનિક એપીએમસીમાં પોતાની પેદાશનું વેચાણ કરે છે, એપીએમસી સુધારા બિલ દ્વારા દેશના કરોડો ખેડૂતો સ્થાનિક એપીએમસી સહિત દેશભરમાં જે કોઈપણ સ્થળે તેમને વધુ અને યોગ્ય ભાવ મળતો હોય તે વેપારીને ખેતપેદાશ વેચી શકશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલા આ કૃષિ સુધારાઓનો એકમાત્ર ઉદ્દેશ આપણા અન્નદાતા એવા દેશના કરોડો ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનો, તેમની આવક બમણી કરવાનો છે. કૃષિસુધારા બિલમાં ફક્ત અને ફક્ત ખેડૂતોના હિતોની વાત છે, તેમાં એક પણ બાબત એવી નથી કે જેનાથી ખેડૂતને નુકસાન વેઠવું પડે.

●





# કોંગ્રેસ પોતાના અંગત સ્વાર્થ ખાતર દેશના કરોડો ખેડૂતો માટે આશીર્વાદરૂપ કૃષિસુધાર બિલ અંગે ભ્રામક પ્રચાર કરી રહી છે, પણ દેશનો ખેડૂત શાણો અને સમજુ છે, પોતાનું હિત-અહિત શેમાં છે તે સુપેરે જાણે છે - શ્રી સી. આર. પાટીલ

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જણાવ્યું હતું કે, 'કૃષિ સુધાર વિધેયક ૨૦૨૦' પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના કરોડો ખેડૂતોના હિતમાં, ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો કરવા, ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં લેવાયેલું એક ઐતિહાસિક અને ક્રાંતિકારી પગલું છે. આ કૃષિસુધારાઓના કારણે ખેડૂતોને આગામી સમયમાં અનેક લાભો થવા જઈ રહ્યા છે ત્યારે કોંગ્રેસ દેશના કરોડો ખેડૂતો માટે લાભકારી એવા આ વિધેયકને આવકારવાના સ્થાને બેબાકળી બની ફક્ત અને ફક્ત પોતાનો રાજકીય સ્વાર્થ સાધવા માટે વિવિધ પ્રકારની ગેરસમજો ઊભી કરી ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું હીન કૃત્ય કરી રહી છે.


શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, 'કૃષિસુધાર બિલ ૨૦૨૦'માં માત્ર ને માત્ર ખેડૂતોનાં હિતોનું જ ધ્યાન રાખવામાં આવ્યું છે, ખેડૂતોને નુકસાન થાય તે પ્રકારની કોઈ બાબત તેમાં ઉમેરવામાં આવી નથી. ખેડૂતોના પાકની ટેકાના ભાવ(MSP)થી થતી ખરીદ-વ્યવસ્થા યથાવત્ છે અને રહેશે પરંતુ આ બાબતે કોંગ્રેસ જૂઠાણાં ફેલાવી ખેડૂતોને ઉશ્કેરવાનું કાર્ય કરી રહી છે. વર્ષો સુધી સત્તામાં રહ્યા બાદ પણ ખેડૂતોની સમૃદ્ધિ માટે કાંઈ ઠોસ કાર્ય ન કરનારી કોંગ્રેસના ખેડૂતવિરોધી વલણને ખેડૂતો ક્યારેય માફ નહી કરે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ પેદાશોના ટેકાના ભાવમાં વધારો કરીને ખેડૂતોને લાભ આપવાનું કાર્ય કર્યું છે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, આ કૃષિસુધાર બિલના માધ્યમથી ખેડૂતોના વિકાસમાં આવતા અંતરાયોને દૂર કરવામાં આવ્યા છે. હવે દેશનો ખેડૂત સ્થાનિક APMC જ નહીં પરંતુ દેશના કોઈપણ ખૂણે પોતાની પેદાશનું વેચાણ કરી શકશે. વેપારીઓમાં પણ હવે તંદુરસ્ત હરીફાઈ થવાના કારણે ખેડૂતને પોતાની પેદાશનો યોગ્ય ભાવ મળી રહેશે. વેપારીઓએ ઊપજની ખરીદી બાદ ખેડૂતોને ત્રણ દિવસમાં જ પેમેન્ટ કરી દેવું પડશે તેવી જોગવાઈ પણ કૃષિસુધાર બિલ ૨૦૨૦માં કરાઈ છે જેનો સીધો જ લાભ દેશના કરોડો ખેડૂતોને થશે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, ૨૦૧૪માં પ્રધાનમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતાંની સાથે જ શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર માટે ગામડું, ગરીબ અને ખેડૂત હંમેશા પ્રાથમિકતા રહી છે. દેશમાં યુવાનો, મહિલાઓના ઉત્કર્ષ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં લાવીને આગળ વધવાની તક પૂરી પાડી છે. PM કિસાન યોજના હેઠળ ૯૨ હજાર કરોડ રૂપિયા ડિબિટીના માધ્યમથી સીધા ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી, પારદર્શી નેતૃત્વમાં વચેટિયાઓનો અંત આવ્યો છે, ખેડૂતોને મળવાપાત્ર સહાય ડિબિટીના માધ્યમથી સંપૂર્ણ માત્રામાં તેમને સીધી મળતી થઈ છે. 'સ્વામીનાથન આયોગ'નાં સૂચનોને ધ્યાનમાં રાખી તેમજ તેમાં અન્ય ખેડૂતહિતની જોગવાઈઓનો ઉમેરો કરીને કૃષિસુધાર વિધેયકને લાવવામાં આવ્યું છે, જેનાથી દેશના ખેડૂતોને અનેક ફાયદા થવાના છે અને તેની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારના સમયમાં વર્ષ ૨૦૦૯-૧૦માં દેશનું કૃષિ બજેટ ૧૨ હજાર કરોડ રૂપિયા હતું જે આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧ લાખ ૩૪ હજાર કરોડ રૂપિયા છે. વર્ષો સુધી કોંગ્રેસ દ્વારા દેશના ખેડૂતોનું શોષણ કરવામાં આવ્યું છે, આજે કોંગ્રેસ પોતાના અંગત સ્વાર્થ ખાતર દેશના કરોડો ખેડૂતો માટે આશીર્વાદરૂપ કૃષિસુધાર બિલ અંગે ભ્રામક પ્રચાર કરી રહી છે, પણ દેશનો ખેડૂત શાણો અને સમજુ છે, પોતાનું હિત-અહિત શેમાં છે તે સુપેરે જાણે છે.

●



**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્યની સંવેદનશીલ ભાજપા સરકાર દ્વારા ખેડૂતોને મુશ્કેલી ન પડે તે દિશામાં સમયાંતરે વિવિધ ખેડૂતહિતકારી નિર્ણય કરવામાં આવી રહ્યા છે**

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યના ખેડૂતોને ચાલુ વર્ષે ખરીફ પાકમાં વરસાદથી થયેલા નુકસાન સામે સહાય આપવા જાહેર કરાયેલા રૂ.૩૭૦૦ કરોડના સહાય પેકેજને આવકારી વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય લેવા બદલ અભિનંદન – શ્રી સી. આર. પાટીલ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યના ખેડૂતોને ચાલુ વર્ષે ખરીફ પાકમાં વરસાદથી થયેલા નુકસાન સામે સહાય આપવા જાહેર કરાયેલા રૂ.૩૭૦૦ કરોડના સહાય પેકેજને આવકારી વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય લેવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, રાજ્યની ભાજપા સરકાર ખેડૂતો માટે ખડેપગે ઊભી છે, ખેડૂતોને મુશ્કેલી ન પડે તે દિશામાં સમયાંતરે વિવિધ ખેડૂતહિતકારી નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.


શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યના અમુક વિસ્તારોમાં વધુ વરસાદ થવાને કારણે ધરતીપુત્રોના પાક મુખ્યત્વે મગફળી, કપાસ, ડાંગર, તલ, બાજરી, કઠોળ, શાકભાજીને નુકસાન થયું હતું , જે અંગે રાજ્યના ખેડૂતો, ખેડૂત સંગઠનો અને જનપ્રતિનિધિઓએ રાજ્ય સરકારને કરેલી રજૂઆતનોને ધ્યાનમાં લઈને રાજ્યની સંવેદનશીલ સરકારે આજે ૩૩% કે વધુ પાક નુક્સાનીના કિસ્સામાં વધુમાં વધુ ૨ હેકટર સુધી પ્રતિ હેકટર રૂ.૧૦,૦૦૦ની સહાય તેમજ ગમે તેટલી ઓછી જમીન હોય તો પણ ઓછામાં ઓછી રૂ.૫,૦૦૦ની સહાયની જાહેરાત કરી છે. આ સહાયથી ખેડૂતોને ચોક્કસપણે આર્થિક રાહત મળશે. રાજ્યની ભાજપા સરકાર હંમેશા ખેડૂતોની પડખે ખડેપગે ઊભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે ખરીફ ઋતુમાં રાજ્યના કેટલાક તાલુકાઓમાં તા. ૧૯-૦૯-૨૦૨૦ની સ્થિતિએ થયેલ નુકસાન અંગે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા થયેલ સર્વેના આકલન સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા વિચારણાને અંતે રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૨૩ તાલુકાના અંદાજિત ૫૧ લાખ હેક્ટરથી વધુ વાવેતર વિસ્તાર પૈકી સહાયનાં ધોરણો મુજબ અંદાજિત ૩૭ લાખ હેક્ટર વિસ્તાર આજની આ જાહેરાતથી સહાયને પાત્ર થશે. આ સહાય માટે ઓનલાઈન અરજી કરવા માટે તા ૧-૧૦-૨૦૨૦થી પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવશે, જેમાં ઓનલાઈન અરજી કરવા માટેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ખેડૂતોએ નજીકના ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી અરજી કરવાની રહેશે.

અરજી અન્વયે મંજૂરી પ્રક્રિયાને અંતે સહાયની રકમ સીધી જ ખેડૂતના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

**રૂ. ૩૭૦૦ કરોડનું સહાય પેકેજ જગતના તાતની વિપદામાં સંવેદનશીલતાથી સહાય જાહેર કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

- ૨૭ લાખ જેટલા ધરતીપુત્રોને મળશે નુકસાની સહાયનો લાભ
- ૩૩ ટકા કે તેથી વધુ પાક નુકસાનીના કિસ્સામાં વધુમાં વધુ ૨ હેકટર માટે હેકટરદીઠ રૂપિયા ૧૦ હજાર સહાય
- ખેડૂત ગમે તેટલી ઓછી જમીન ધરાવતો હશે તો પણ રૂ. ૫ હજારની સહાય ચૂકવાશે
- ૨૦ જિલ્લાના ૧૨૩ તાલુકાના ૩૭ લાખ હેકટર વિસ્તાર સહાય પાત્ર
- સહાય માટે ૧ ઓક્ટોબરથી ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકાશે
- અરજીનો ખર્ચ સરકાર ભોગવશે
- ખેડૂતોના ખાતામાં સીધી DBTથી સહાય જમા કરાવાશે



**કોરોના મહામારીનો મક્કમતાપૂર્વક મુકાબલો કરવાના સરકારી સંકલ્પમાં સહભાગી થતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

# કોરોના મહામારીમાં પક્ષાપક્ષીથી પર રહી પ્રજાનો આત્મવિશ્વાસ વધારીશું તો જ કોરોના હારશે - ગુજરાત જીતશે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીમાં રાજયના નાગરિકોને ત્વરિત સારવાર મળે અને સંક્રમણ ઓછું થાય એ માટે પક્ષાપક્ષીથી પર રહીને પ્રજાનો આત્મવિશ્વાસ વધારીશું તો જ કોરોના હારશે અને ગુજરાત જીતશે.

વિધાનસભામાં કોરોના મહામારીના સંક્રમણને રોકવા માટે ગુજરાત સરકારે કરેલી કામગીરી સંદર્ભે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા લવાયેલ સરકારી સંકલ્પોમાં સહભાગી થતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સો વર્ષ પહેલાં સ્પેનિશ ફ્લૂ રોગ ફેલાયો હતો અને લોકો સંક્રમિત થઈ મોતને ભેટ્યા હતા. આ મહામારી પણ સો વર્ષ બાદ આવી છે, ત્યારે દેશ-દુનિયા સતત ચિંતિત છે, જેનું મૂળ કારણ હજુ સુધી વેક્સિન નથી. દેશમાં પણ કોરોનાની મહામારીનો વ્યાપ વધ્યો છે, ત્યારે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંક્રમણને રોકવા માટે હિંમતભર્યા નિર્ણયો લઈને જે પગલાં લીધાં છે એના પરિણામે અન્ય દેશો કરતાં ભારતમાં સંક્રમણનું પ્રમાણ ઘટ્યું છે. વિકસિત દેશો પણ મહામારી સામે લડી રહ્યા છે. ત્યાં પણ મૃત્યુ થયાં છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સરકારની જવાબદારી છે કે રાજયમાં સંક્રમણ અટકે. આપણા સૌની જવાબદારી છે સંક્રમણ ઓછું ફેલાય તે માટેની સુદૃઢ વ્યવસ્થા કરવી અને બીજી જવાબદારી સંક્રમિતોને પૂરતી ત્વરિત અને ગુણવત્તાલક્ષી સારવાર, એ અમારી સરકારે આપી છે. જેના પરિણામે રાજયમાં કોરોનાનું સંક્રમણ અટક્યું છે અને કેસો પણ અન્ય રાજયોની સરખામણીમાં ઘણા ઓછા છે, એ માત્ર ને માત્ર અમારી નાગરિકોને શુશ્રૂષા આપવાની નીતિને આભારી છે. તેમણે ઉમેર્યું કે આપણે આ લડાઈ હજી લાંબી લડવાની છે. આગામી બે-ત્રણ માસમાં વેક્સિન મળે એવી સંભાવના છે, ત્યારે નાગરિકોને ઉચિત સારવાર અને દવા આપવી એ પ્રાથમિકતા છે.

તેમણે ઉમેર્યું કે ભૂતકાળમાં સ્વાઈન ફ્લૂ, બર્ડ ફ્લૂ જેવા રોગો સામે પણ ગુજરાત મક્કમતાથી લડ્યું છે અને જીત્યું છે. ત્યારે કોરોના સામે પણ જીતશે એવો મને દૃઢ વિશ્વાસ છે.


કોરોનાના કાળમાં સમગ્ર રાજ્યનું વહીવટીતંત્ર એક થઈને ખડેપગે સેવાઓ આપી રહ્યું છે, એ બદલ સૌ અધિકારી-કર્મચારીઓ અને કોરોના વૉરિયર્સને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે ઉમેર્યું કે, વિપક્ષ દ્વારા કાયમ ટ્રમ્પના કાર્યક્રમને આધાર બનાવીને રાજનીતિ કરવામાં આવે છે. તેની કડક શબ્દોમાં આલોચના કરતાં કહ્યું કે, રાજયમાં ૨૮ માર્ચના રોજ રાજકોટ ખાતે પ્રથમ કેસ આવ્યો ત્યારથી અમારી સરકારે સતર્કતાથી કામગીરી આરંભી. અમદાવાદમાં જ્યારે સંક્રમણ વધ્યું, ત્યારે ખાનગી હોસ્પિટલોનો સહયોગ લઈને કામગીરી આરંભી અને ધન્વંન્તરિ રથનો નવતર પ્રયોગ પણ અમલી કર્યો. જેના પરિણામે શહેરમાં સંક્રમણ અટકાવી શક્યા, જેની સુપ્રીમ કોર્ટે પણ નોંધ લઈને આપણા મોડલને અનુસરવા અનુરોધ કર્યો છે.

તેમણે કહ્યું કે, રાજ્યમાં સંક્રમણ અટકે એ માટે જનજાગૃતિ સહિત સંક્રમિત નાગરિકોને સારવાર મળે એ માટે કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં ટૂંકાગાળામાં શરૂ કરી અને ત્યાર બાદ મોટા ભાગના જિલ્લાઓમાં પણ આવી હોસ્પિટલો ઊભી કરી અંદાજે ૪૯ હજાર પથારીની સુવિધાઓ ઉપલબ્ધ બનાવી દીધી છે.

તેમણે ઉમેર્યું કે કોરોનાના કપરા કાળમાં શરૂઆતમાં ટેસ્ટિંગ માટે સેમ્પલ પૂના મોકલવા પડતા હતા, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા અને ICMRની ગાઈડલાઈન અનુસાર રાજયમાં ટેસ્ટિંગની લેબોરેટરીઓ કાર્યરત કરવામાં આવી અને ટેસ્ટિંગની ક્ષમતા વધારીને વધુને વધુ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે આપણે રોજબરોજ થતા કેસોની સંખ્યા અન્ય રાજ્યો કરતાં ઓછી રાખી શક્યા છીએ અને સંક્રમણ અટકાવી શક્યા છીએ.

તેમણે ઉમેર્યુ કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળમાં આર્થિક તંત્રને પૂર્વવત કરવા માટે આત્મનિર્ભર ભારત પૅકેજ જાહેર કર્યું, જેના આધારે અમારી સરકારે પણ અર્થતંત્રને બુસ્ટ કરવા માટે રૂા.૧૪ હજાર કરોડનું આત્મનિર્ભર ગુજરાત પૅકેજ જાહેર કરીને લોકોને નાણાં પણ પહોંચાડી દીધાં છે. ખેડૂતો માટે પણ આજે અમે રૂા. ૩૭૦૦ કરોડનું પૅકેજ જાહેર કર્યું છે, તે ચોક્કસ ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે એવો મને દૃઢ વિશ્વાસ છે.



# આપણી ગુજરાત સરકારના આગવા સમાચાર



• મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના **સિરામિક ઉદ્યોગોને ગેસ બિલમાં ૧૬ ટકાની રાહત** આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. આ નિર્ણયથી મોરબી, સુરેન્દ્રનગર અને સાબરકાંઠાના સિરામિક ઉદ્યોગોને રાહત મળશે. આ નિર્ણયને પરિણામે રાજ્યના સિરામિક ઉદ્યોગો વૈશ્વિક બજારમાં પ્રતિસ્પર્ધા કરી શકશે, એક્સપોર્ટ વધારી શકશે, વધુ રોકાણો મેળવી શકશે, એક્સપોર્ટ દ્વારા વિદેશી હૂંડિયામણ મેળવી શકશે.

• શ્રી વિજયભાઈ રૂપાણીએ ૨૩ જેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઇન કરવામાં આવ્યા બાદ વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય લીધો હતો. **મહેસૂલ વિભાગે વધુ ત્રણ સેવાઓ** ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર, સબ-રજિસ્ટ્રાર કચેરી દ્વારા Encumbrance Certificate (બોજાનું પ્રમાણપત્ર) તથા વેચાણ દસ્તાવેજની Index 2 (અનુક્રમણિકા નં ૨)ની નકલની સેવાઓ હવેથી **ઓનલાઇન** કરવામાં આવી છે.

• શ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટેની પ્રતિબદ્ધતા સાથે **'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં યોજના'**નો ઈ-શુભારંભ કરાવ્યો હતો. આ યોજના અંતર્ગત કૃષિ-ખેતીવાડી અને ધરતીપુત્રોના આર્થિક ઉત્થાન સાથે નવીન પાક ઉત્પાદન, પાકસંગ્રહ, નાના-સીમાંત ખેડૂતોને અદ્યતન ઓજારો વિતરણ, ગાય આધારિત ખેતી, કિસાન પરિવહન યોજના અને મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના એમ કિસાન હિતલક્ષી સાત પગલાંઓ આવરી લેવાયાં છે.


• શ્રી વિજયભાઈ રૂપાણીએ **કોવિડ વિજયરથ જનજાગૃતિ અભિયાન**નો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન હેઠળ રાજ્યના પાંચ જુદા-જુદા ઝોનમાં જૂનાગઢ, ભૂજ, અમદાવાદ, પાલનપુર અને સુરતથી કોવિડ વિજય રથને ફ્લેગઓફ કરવામાં આવ્યું હતું. આ રથ વિવિધ ઝોનમાં ફરી કોરોના જનજાગૃતિ ઝુંબેશ ઉપરાંત મહામારીને નાથવાનું કાર્ય કરશે.

• શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાના કારણે વતન ગયેલા શ્રમિકો ગુજરાતમાં નોકરી-ધંધા માટે પાછા આવી રહ્યા છે એવા સમયે રાજ્યમાં આવતા તમામ **શ્રમિકોએ ફરજિયાત રજિસ્ટ્રેશન** કરાવવું પડશે અને જરૂર પડે કોરોના ટેસ્ટ પણ કરાવવો પડશે એવો નિર્ણય લીધો હતો. રૂપાણી સરકારે આ સંદર્ભે તમામ મ્યુનિસિપલ કમિશનરોને એક જાહેરનામું બહાર પાડવાનો આદેશ કર્યો હતો.

• શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યની **પ્રથમ હેરિટેજ ટૂરિઝમ પોલિસી જાહેર કરવામાં આવી** છે. નવી ટૂરિઝમ પોલિસીમાં ઐતિહાસિક મહેલો-કિલ્લામાં હેરિટેજ રેસ્ટોરન્ટ શરૂ કરી શકાશે. ઐતિહાસિક સ્થળો પર હેરિટેજ હોટેલ, બેન્ક્વેટ હોલ, હેરિટેજ રેસ્ટોરન્ટ શરૂ કરી શકાશે. આ પોલિસી અંતર્ગત હોટેલ રિનોવેશન માટે ૫થી ૧૦ કરોડ સુધીની સહાય મળશે જ્યારે મ્યુઝિયમ, રેસ્ટોરન્ટ રિનોવેશન માટે ૪૫ લાખથી ૧ કરોડ સુધીની સહાયની પણ જોગવાઈ કરવામાં આવી છે.

• શ્રી વિજયભાઈ રૂપાણીએ **ગુજરાત હોમ સ્ટે પોલિસી ૨૦૧૪-૧૯ને વધુ સરળ બનાવવાનો મહત્ત્વપૂર્ણ અભિગમ** દાખવતાં હવેથી ૧થી ૬ રૂમ સુધીના આવાસો અને પરિવાર સાથે વસવાટ કરતા હોય તેવા વ્યક્તિઓ હોમ સ્ટે તરીકે પોતાના આવાસ આપી શકશે અને આવા હોમ સ્ટેને ઘરેલુ પ્રોપર્ટી ટેક્સ અને ઘરેલું વીજ દરના લાભ સહિત અન્ય ઘણા લાભ પણ અપાશે એવો નિર્ણય લીધો હતો.

• શ્રી વિજયભાઈ રૂપાણીએ આત્મનિર્ભર ગુજરાત યોજના હેઠળ **રાજ્યના ૮૫૦૦૦થી વધુ ધારાશાસ્ત્રીઓને ઓછા વ્યાજ પર**



**રૂા. ૨.૫૦ લાખ સુધીની લોન આપવાનો નિર્ણય** કર્યો હતો. લોન આપવા અંગે રાજ્યના વિવિધ બાર એસો. તરફથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજૂઆત થઈ હતી, જેમાં ધારાશાસ્ત્રીઓની રજૂઆત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ માન્ય રાખી હતી.

● શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર **૧૦ લાખ મહિલાઓને શૂન્ય ટકા વ્યાજે લોન-ધિરાણ** આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. આ માટે ૧૭૫ કરોડનું બજેટ ફાળવાયું છે. રાજ્યના ૧ લાખ મહિલા જૂથની કુલ ૧૦ લાખ માતા-બહેનો મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ લઈ શકશે.

● મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આગામી તા. **૨૧મી ઓક્ટોબર ૨૦૨૦થી મગફળીની ટેકાના ભાવે ખરીદી** કરવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લીધેલા ખેડૂતહિત માટેના નિર્ણય મુજબ મગફળીની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા માટે તા. ૧લી ઓક્ટોબરથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે અને ૨૦ દિવસ રજિસ્ટ્રેશન ચાલુ રહેશે. ત્યારબાદ તા. ૨૧મી ઓક્ટોબરથી ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા હાથ ધરાશે.

● શ્રી વિજયભાઈ રૂપાણીએ **ભાવનગર ખાતે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલને લીલી ઝંડી** આપી દીધી છે. આમ, વિશ્વનું પ્રથમ CNG ટર્મિનલ સ્થાપનારું ગુજરાત પ્રથમ રાજ્ય બનશે. આ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કામાં રૂ. ૧૩૦૦ કરોડનું મૂડીરોકાણ થશે. પ્રોજેક્ટ પૂર્ણ થતાં કુલ ૧૯૦૦ કરોડનું મૂડીરોકાણ CNG ટર્મિનલ પ્રોજેક્ટમાં થશે. આ CNG ટર્મિનલ રાજ્યના સૌ પ્રથમ બ્રાઉન ફિલ્ડ પોર્ટ પ્રોજેક્ટ તરીકે ભાવનગરમાં આકાર પામશે. તેની ક્ષમતા પ્રતિ વર્ષ ૧૫ લાખ ટન હશે.


● શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે **પોલીસ દળમાં ૭૬૧૦ જગ્યાઓ પર ભરતીની મંજૂરી** આપવામાં આવી છે. ગૃહવિભાગે જગ્યાઓને મંજૂર કરતો પત્ર રજૂ કર્યો છે. લોકરક્ષક ભરતી બોર્ડે ગુજરાત પોલીસ દળમાં પોલીસ કોન્ટેબલ, એસઆરપી અને જેલ સિપાહીની કુલ ૭૬૧૦ જગ્યાઓમાં ભરતીને મંજૂરી મળી છે. બિન-હથિયારધારી પીએસઆઈની ૩૮૩ જગ્યાઓ પર ભરતી થવાની છે. બિન-હથિયારધારી એ.એસ.આઈ.૩૨૫, હેડ કોન્સ્ટેબલ ૯૫૨, પી. આઈ. ૮૪ તથા નાયબ પોલીસ અધિક્ષકની ૧૪ જગ્યાઓ ભરાશે.

● શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યનાં નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા **બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગને પ્રેરિત કરતી સહાય યોજના** જાહેર કરી છે. આ સહાય યોજના અન્વયે રાજ્યના ધોરણ-૯થી લઈને કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા સરકાર ૧૨ હજાર રૂપિયાની સહાય આપશે. આ સહાય-સબસિડી ૧૦ હજાર વાહનોને આપવાનો લક્ષ્યાંક છે. વ્યક્તિગત અને સંસ્થાકીય લાભાર્થીઓ માટે બેટરી સંચાલિત ઈ-રિક્ષા થ્રી વ્હીલર ખરીદીમાં પણ ૪૮ હજાર રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે અને પાંચ હજાર ઈ-રિક્ષાઓને તેનો લાભ અપાશે.

● શ્રી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નોન ગ્રાન્ટેટ **ઉચ્ચ માધ્યમિકના શિક્ષકો અને બિનશૈક્ષણિક સ્ટાફ. જેણે CCC, CCC+ પાસ કરી હોય તેમને ઉચ્ચ પગારનો લાભ** આપવાનો નિર્ણય કર્યો છે. રૂપાણી સરકારની આ જાહેરાતનો લાભ ૧-૭-૨૦૧૬થી ૩૧-૧૨-૨૦૨૦ દરમિયાન CCC, CCC+ પાસ કરનારને મળશે. જ્યારે ૩૧-૧૨-૨૦૨૦ પછી જેણે CCC, CCC+ પાસ પાસ કર્યું હશે તેને સમય પ્રમાણે લાભ અપાશે. બિનશૈક્ષણિક સ્ટાફને પણ ઉચ્ચ પગારનો લાભ મળશે.

● શ્રી વિજયભાઈ રૂપાણીએ એક જ દિવસમાં ચાર ડેવલોપમેન્ટ પ્લાન - **બેચરાજી અને લીંબડી વિસ્તાર વિકાસ સત્તામંડળ તેમજ નવસારી અને બારડોલી શહેરી વિકાસ સત્તામંડળના ડેવલોપમેન્ટ પ્લાન મંજૂર** કર્યા છે. નવસારી વિજલપોર તથા આસપાસનાં ૧૫ ગામોની ૭૧. ૩૭ ચોરસ કિલોમીટર વિસ્તાર માટેની નવસારી શહેરી વિકાસ સત્તામંડળની સૌ પ્રથમ વિકાસ યોજના મંજૂર કરવામાં આવી છે. બારડોલી શહેરી વિકાસ સત્તામંડળમાં આવેલા દરેક ગામોને રોડ કનેક્ટિવિટી આપવા વસ્તીનું આકલન કરી ૧૮થી ૩૦ મીટર પહોળા માર્ગો ૬૦ મીટરના રિંગ રોડના આયોજનને મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે.

●





# મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાનું અમારું લક્ષ્ય છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' અંગે જણાવતાં વિધાનસભા ગૃહના નેતા તથા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ મહત્ત્વાકાંક્ષી યોજના અંગે જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ માત્ર ૦ ટકા વ્યાજથી લોન ઉપલબ્ધ કરાવવાનો જ નહીં કિન્તુ બહેનોને આર્થિક દૃષ્ટિએ આત્મનિર્ભર બનાવવા અંગેનો છે. નાની-મોટી આર્થિક પ્રવૃત્તિમાં કાર્યરત મહિલાઓ રોજબરોજના અર્થોપાર્જન હેતુ કોઈની પાસેથી વ્યાજે નાણાં લાવીને આર્થિક પ્રવૃત્તિઓ કરતી અમે જોઈ છે, જેનું વ્યાજ ભરપાઈ કરવામાં જ તેમની તમામ કમાણી ચાલી જતી હોવાનું ઘણું ખરું ધ્યાને આવ્યું છે.

આ વિપરીત સંજોગો સામે મહિલાઓ માનભેર ઊભી રહે તે માટે 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના' લાગુ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૧૦ બહેનોનું એક સખી મંડળ, એમ કુલ ૧ લાખ 'સખી મંડળો' નિર્મિત કરીને પ્રત્યેક સખીમંડળને રૂા.૧ લાખની લોન શૂન્ય ટકાના વ્યાજે આપવાનું આયોજન છે. જેથી મહિલાઓ આજીવિકા રળીને સ્વયંને તથા તેના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે. આ યોજના માટેનું ધિરાણ બેન્કો આપશે અને બેન્કોને વ્યાજ ચુકવણું રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે, તેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું હતું.

આ યોજનાની પ્રગતિ વિષે જણાવતાં શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ICICI, HDFC તથા AXIS BANK સહિતની બેન્કો સાથે રાજ્ય સરકારે આ માટે MOU કર્યા છે.

૬૫ અર્બન ક્રેડિટ સોસાયટીઓ, ૪૩ કલસ્ટર સોસાયટીઓ સહિતના કુલ ૩૬૭ મહિલા ગ્રૂપોને લોન અપાઈ ચૂકી છે. જોકે, અમારો લક્ષ્યાંક ૧ લાખ 'સખી મંડળો' સાથે ૧૦ લાખ બહેનો મારફત આશરે ૫૦ લાખ લોકો સુધી પહોંચવાનો છે.


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે આ યોજના અંતર્ગત રાજ્યની ગ્રામીણ-શહેરી માતા-બહેનોને પરિવારનો આર્થિક આધાર બનવાની સજ્જતા માટે ૧૦ લાખ બહેનોને ૧ કરોડની લોન-ધિરાણ શૂન્ય ટકા વ્યાજે આપવાની ગુજરાતની પહેલ દેશભરમાં મહિલા ઉત્કર્ષ માટેની નવી દિશા ચીંધશે.

આ યોજના થકી ૧ લાખ સખીમંડળો દ્વારા ૧૦ લાખ બહેનોને જોડીને પરિવારના અંદાજે ૫૦ લાખ લોકોને આર્થિક આધાર આપવાની રાજ્ય સરકારની નેમ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ભૂતકાળમાં બહેનોનાં સખીમંડળોને નોંધણી પછી પ્રોજેક્ટ બનાવવો પડતો, બેન્કમાં લોન મંજૂરી માટે આપવો પડતો અને પછી મહામહેનતે લોન મળતી. હવે, આ સરકારે બેન્કો સાથે વ્યવસ્થા ગોઠવી છે કે, મંડળ નોંધાય કે તરત જ તેને બેંક લોન આપે છે. આ યોજના માટે રાજ્યકક્ષાએ પાંચ બેંકો - ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેન્ક, બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક, આઈ.સી.આઈ.સી.આઈ., એચ.ડી.એફ.સી. અને એક્સિસ બેન્ક દ્વારા આ યોજનામાં જોડાવા અંગેના MoU થયા છે.

મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે આ યોજનાની જાહેરાત કરીને ગુજરાતની નારીશક્તિ માટે આત્મનિર્ભરતાની નવી દિશા ખોલી દીધી છે. બહેનોના આર્થિક સશક્તીકરણ થકી મહિલા શક્તિને વિકાસમાં જોડીને ગુજરાત રાજ્ય દેશભરમાં સશક્તીકરણનું રોલમોડેલ બનશે. શૂન્ય ટકા વ્યાજે લોકોને લોન આપવાની આ યોજના દેશની સર્વપ્રથમ યોજના છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની બહેનો ઉપર એક હજાર કરોડનો વિશ્વાસ મૂક્યો છે. જેના કારણે આ યોજનાની 'વિજયભાઈ રૂપાણી યોજના' તરીકે વિશ્વભરમાં નામના થશે તેવો વિશ્વાસ છે. આ યોજના અંતર્ગત કોઈ જ્ઞાતિ-જાતિ કે ધર્મ કે ગરીબ-તવંગરના ભેદભાવ વિના તમામ મહિલા મંડળને લોન અપાશે, જેની કોઈ આવકમર્યાદાની પણ જોગવાઈ કરવામાં આવી નથી. આ યોજના માટે ઓનલાઈન અરજી કરવા માટેનું પોર્ટલ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. ત્યાં સુધી નિયત નમૂનામાં ઓફલાઈન અરજી થઈ શકે છે.

પ્રેરક શાહ




# કોંગ્રેસ નૈતિક અને વૈચારિક અધઃપતન તરફ

### કોંગ્રેસ પોતાના અસ્તિત્વની છેલ્લી લડાઈ લડી રહી છે

દેશમાં લગભગ છ દાયકા સુધી પૂર્ણ બહુમતીથી સત્તાસ્થાને રહેનાર કોંગ્રેસ પાર્ટી વર્તમાનમાં છ રાજ્યોમાં સીધી રીતે અથવા તો ગઠબંધન દ્વારા સત્તામાં છે. લોકસભા તથા રાજ્યસભામાં બીજા નંબરની સૌથી મોટી રાજકીય પાર્ટી છે. તેમના નેતા દેશના બીજા નંબરના સૌથી મોટા ગઠબંધનના વડા છે. પરંતુ એવું લાગે છે કે રાજકીય પાર્ટીની રીતે કોંગ્રેસ પોતાના અસ્તિત્વની છેલ્લી લડાઈ લડી રહી છે. પૂરેપૂરી રીતે હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. આ વાત માત્ર ભાજપ કે ભાજપના સમર્થક તથા રાજનીતિક વિશ્લેષકો જ નહીં પરંતુ કોંગ્રેસ પાર્ટીના નેતા તથા કાર્યકર્તાઓ પણ અનુભવી રહ્યા છે, જેથી જ તેઓ કોંગ્રેસથી પોતાને અલગ કરી રહ્યા છે કે દૂર થઈ રહ્યા છે. આ કારણથી પાર્ટી વધારે કમજોર દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી કમજોર થવાનાં અનેક કારણો છે જેવા કે ચૂંટણીમાં હાર, નેતૃત્વનો અભાવ, સંગઠનમાં શિથિલતા અથવા કમજોર હોવું તથા ચોક્કસ નીતિના અભાવે વૈચારિક જમીન કે ધરાતલ ઉપર ક્ષીણ હોવું. દરેક કારણનું કોંગ્રેસના કમજોર થવાનું પોતાનું અલગ યોગદાન છે પરંતુ વૈચારિક અને નૈતિક ધરાતલ પર ના હોવું આ તમામ કારણમાં સૌથી મોટું કારણ દેખાય છે. રાજનીતિક પ્લેટફોર્મના રૂપે કોંગ્રેસ દ્વારા આઝાદીના આંદોલનનું નેતૃત્વ કર્યું પરંતુ આઝાદી મળ્યા બાદ મહાત્મા ગાંધીજીએ કોંગ્રેસને ભંગ કરી લોકસેવક સંઘ બનાવવાની વાત કરી હતી પરંતુ રાજકીય લાભ લેવાની મહેચ્છા ધરાવતી કોંગ્રેસ દ્વારા મહાત્મા ગાંધીજીની વાત માની ન હતી.

### મુસ્લિમ તુષ્ટીકરણ તથા મિશ્રિત અર્થવ્યવસ્થા કોંગ્રેસ પાર્ટીની મૂળ વૈચારિક આધારશિલા બની


આઝાદી બાદ ભારતીય રાજનીતિમાં લાંબા સમય સુધી જવાહરલાલ નહેરુનો સમય પણ જોવા મળ્યો, જેમાં મુસ્લિમ તુષ્ટીકરણ તથા મિશ્રિત અર્થવ્યવસ્થા કોંગ્રેસ પાર્ટીની મૂળ વૈચારિક આધારશિલા બની. જવાહરલાલ નેહરુ પછીના સમયગાળામાં ઈન્દિરા ગાંધી આવ્યાં. ૧૯૭૦ સુધી કોંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ આઝાદીની લડતમાં જોડાયેલા લોકોના હાથમાં હતું ત્યાં સુધી તેમની આઈડીયોલોજી થોડાક પ્રમાણમાં યોગ્ય હતી પરંતુ ૧૯૭૦માં મોરારજીભાઈ દેસાઈ તથા ઈન્દિરાબેન ગાંધી વચ્ચે સંઘર્ષ થયો. ઈન્ડિકેટ-સીન્ડિકેટ થયું જેમાં ઈન્દિરા ગાંધીએ સત્તા મેળવવા સંઘર્ષ કર્યો. સત્તા જ સર્વસ્વ છે અને સત્તા ટકાવી રાખવા માટે જ રાજનીતિ હોય એ દિશામાં એમના પ્રયાસ થયા. ત્યારથી કોંગ્રેસનું વૈચારિક પતન શરૂ થયું અને સમાજનો જનાધાર ગુમાવવાની ધીમે ધીમે શરૂઆત થઈ. રાજીવ ગાંધી પણ આ જ આધાર ઉપર કામ કરતા રહ્યા. પાંચ જજોની બેંચ દ્વારા આપવામાં આવેલા શાહબાનો કેસમાં ચુકાદો રાજીવ ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારે મુસ્લિમ તુષ્ટીકરણ માટે સંસદમાં પોતાની બહુમતીના જોરે પલટાવી નાખ્યો. મુસ્લિમ મહિલા તરફેણમાં આવેલો ચુકાદો બદલી દેશની ન્યાયપાલિકાની ઉપર કાલિમા ઢોળી દીધેલ. કાશ્મીરના રઘુનાથ મંદિરમાં આતંકવાદીઓ દ્વારા મૂર્તિઓ સળગાવીને જેલમ નદીમાં ફેંકવાની ઘટનાને નિર્લજ્જતાથી સામાન્ય ગણાવી હતી. ૧૯૯૧ પછી કોંગ્રેસ દ્વારા આર્થિક ઉદારતાવાદનો સ્વીકાર થયો, પરંતુ મુસ્લિમ તુષ્ટીકરણ તરફ આગળ વધતા ગયા. બીજેપી તથા જનતાદળ રૂપમાં બે રાજકીય પાર્ટી તરફથી કોંગ્રેસ પાર્ટીને ચુનૌતી મળતી રહી પરંતુ એક તરફ જનતાદળ વિખેરાતું ગયું ત્યાં બીજેપી પોતાના આક્રમક વૈચારિક ધરાતલ સાથે મજબૂત થઈ ગઈ. ૧૯૫૧માં બનેલા ભારતીય જનસંઘે ઘણા ઉતાર-ચઢાવ જોયા છે અને તેમના જ આગળના અવતારરૂપ ભાજપની સ્થાપના થઈ જેના નેતા તરીકે શ્રદ્ધેય અટલજીએ દેશના પ્રધાનમંત્રી પદના શપથ લીધા ત્યારે દેશના પ્રથમ બિનકોંગ્રેસી પ્રધાનમંત્રી બની પોતાનો કાર્યકાળ પૂરો કર્યો. આ સમય સુધીમાં કોંગ્રેસ પાર્ટી ઉપર સોનિયા ગાંધીનું પૂરી રીતે વર્ચસ્વ આવી ગયું હતું. જેમની આગેવાનીમાં ૨૦૦૪માં



કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રમાં સરકાર તો બનાવી પરંતુ પોતે પ્રધાનમંત્રી ના બની શક્યા અને ડૉ. મનમોહનસિંહને પ્રધાનમંત્રી બનાવવા પડ્યા પરંતુ પોતે રીમોટ કંટ્રોલથી સરકાર ચલાવતાં હતાં અને દેશની જનતા તેમને સુપર પીએમ કહેતી થઈ ગઈ હતી. લગભગ આ જ સમય દરમિયાન તેમના પુત્ર રાહુલ ગાંધી પણ રાજનીતિમાં આવી ગયા અને એવી વાતો પણ થવા માંડી કે આવનારાં વર્ષોમાં રાહુલ ગાંધી દેશની સત્તા મનમોહનસિંહના હાથમાંથી પોતાની પાસે લઈ લેશે. રાહુલ ગાંધીના આગમન બાદ કોંગ્રેસના અનેક પીઢ નેતાના વંશજો પણ રાજનીતિમાં આવ્યા, જેમાંના મોટાભાગના રાહુલ ગાંધી કરતાં ખૂબ જ કાબેલ દેખાવા લાગ્યા. રાહુલ ગાંધી પહેલા કોંગ્રેસના મહામંત્રી ત્યારબાદ ઉપપ્રમુખ અને છેલ્લે કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ પણ બન્યા. આમ એક રીતે જોઈએ તો કોંગ્રેસ પાર્ટી પાસે નેતૃત્વનો અભાવ દેખાવા લાગ્યો. પ્રથમ સોનિયા ગાંધી જેમના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા દસ વર્ષ પાર્ટી તથા સરકાર ચલાવાઈ ત્યારબાદ તેમના પુત્ર રાહુલ ગાંધી કોંગ્રેસના નેતા બન્યા. જેમના નામ આગળ ગાંધી સરનેમ હતી જેઓ નહેરુ તથા ઈન્દિરા ગાંધીની પારિવારિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરતા હતા. ઈન્દિરા ગાંધીએ જે સત્તા માટે સંઘર્ષ કર્યો ત્યારથી પાર્ટીની વૈચારિક ધરાતલ પૂરી રીતે ડગમગી ગઈ છે. કોંગ્રેસ દ્વારા ગાંધીવાદ પર ક્યારેય ભરોસો કર્યો નથી. પરંતુ નહેરુવિયન સમાજવાદનો વિચાર પણ સમય સાથે અપ્રાસંગિક થઈ ગયો છે. આવા સમયે પ્રખર રાષ્ટ્રવાદી અને નખશિખ પ્રમાણિક શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું વિરાટ વ્યક્તિત્વ કોંગ્રેસની સામે આવ્યું ત્યારે રાહુલ ગાંધી તથા તેમની પાર્ટી દેશની જનતા સમક્ષ ખૂબ જ વામણા દેખાવા લાગ્યા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધતામાં એકતા, સામાજિક ન્યાય, સુશાસન તથા વિકાસનું એવું વૈચારિક રૂપ આપ્યું કે કોંગ્રેસ તથા તેમનું નેતૃત્વ તેમાં ફસાઈને રહી ગયું.

## રાહુલ ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસ દેશવિરોધી માનસિકતાથી ભરેલી છે

પોતાનું અસ્તિત્વ બચાવવા માટે રાહુલ ગાંધીએ ઉતાવળમાં એવા મુદ્દાનો સહારો લેવાનો શરૂ કર્યો જે વર્તમાન રાજનીતિમાં પૂરી રીતે હાશિયામાં ધકેલાઈ ગયા છે. સાથે સાથે તેમની ભાષા, નિવેદનો તથા વર્તનના કારણે પણ તેઓ હાશિયામાં જ રહેવાના છે તથા સમયની સાથે સાથે અપ્રાસંગિક થઈ જશે. આઝાદી પછી દેશની કોઈપણ રાજકીય પાર્ટીના પ્રથમ અધ્યક્ષ રાહુલ ગાંધી બન્યા કે જેમણે દેશની ત્રણ અલગ અલગ કોર્ટમાં જુઠાણાં ચલાવવા બદલ માફી માંગવી પડી હોય. રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી દેશની જનતાનો મૂડ સમજવામાં બિલકુલ નિષ્ફળ સાબિત થઈ. વારંવાર એવી ભૂલો કરતી રહી જે આગળની ભૂલ કરતાં પણ ખરાબ કે બદતર હોય. રાહુલ ગાંધીનું દરેક પગલું NGOના કાર્યકર્તા કે પછી ખૂણામાં ધકેલાઈ ગયેલા પ્રાદેશિક પક્ષ જેવું દેખાવા લાગ્યું. તેમની આજુબાજુ પણ એવા જ લોકોનો સમૂહ છે કે જેઓ ઘોર નકસલવાદી, અલગાવવાદી કે અલ્પસંખ્યક તુષ્ટીકરણની રાજનીતિમાં વિશ્વાસ કરતા હોય. રાહુલ ગાંધી દેશની સૌથી જૂની તથા બીજા નંબરની સૌથી મોટી રાજકીય પાર્ટીના નેતા હોવા છતાં સત્તા મેળવવાની ઉતાવળમાં રોહિત વેમુલા આત્મહત્યા, જેએનયુમાં દેશવિરોધી જે દેખાવો તથા નારા લાગ્યા તે મામલાને સમર્થન આપવું, ગુજરાતની ચૂંટણીમાં વર્ગવિગ્રહ થાય તેવી સ્થિતિનું નિર્માણ કરાવવું, જનોઈધારી શિવભક્ત બનવું, જાતિવાદનું ઝેર ફેલાવનારા રાજકારણીનું સમર્થન કરવું, કેરલમાં મુસ્લિમ લીગના સમર્થનથી વાયનાડમાં ચૂંટણી લડવી, રાહુલ ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસ દેશવિરોધી માનસિકતાથી ભરેલી છે. કોઈપણ દેશહિતના કાર્યમાં બાધા ઉત્પન્ન કરીને આનંદની અનુભૂતિ કરે છે. સૌ પ્રથમ તો કલમ ૩૭૦ હટાવવાનો વિરોધ કરવો અને હવે એવું કહેવું કે અમારી સરકાર બનશે તો ધારા ૩૭૦ ફરીથી લાગુ કરવામાં આવશે. આવી નિયત રાખતી પાર્ટીને જનતા જનાર્દન ક્યારેય સત્તા ન જ આપે. દેશની જનતા રાહુલ ગાંધીને પીએમ બનાવવા કાશ્મીર પાકિસ્તાનને ક્યારેય ન આપે. ત્રિપલ તલાકના મુદ્દે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન હોવા છતાં આંખ આડા કાન કરી મુસ્લિમ મહિલાઓને દોજખમાં જીવવાની ફરજ પાડનાર કોંગ્રેસ દ્વારા ત્રિપલ તલાકનો પણ વિરોધ કરી મહિલા વિરોધી માનસિકતા છતી કરી છે. ભગવાન શ્રી રામના અસ્તિત્વ સામે સવાલ ઉઠાવવા અને હિંદુઓની આસ્થાના પ્રતીક



એવા ભગવાન શ્રી રામના મંદિર નિર્માણમાં હવનમાં હાડકાં નાખવાનું કામ વારંવાર કોંગ્રેસ પાર્ટી તથા તેમના દિગ્ગજ નેતાએ સુપ્રીમ કોર્ટમાં અનેક પીટીશનો દાખલ કરી અડચણો ઊભી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના જજોને ડરાવવા જજોની વિરુદ્ધ ''મહાભિયોગ''ની દરખાસ્ત લાવવાનું પતન પણ રાહુલ ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે.

**કોંગ્રેસ પાર્ટી દ્વારા ચાઈનાની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના જોડે સિક્રેટ એમઓયુ કરવું**


સેના જોડે સર્જીકલ સ્ટ્રાઈકના પુરાવા માંગવા, પાકિસ્તાનના બાલાકોટ ઉપર કરેલ Air Strikeની મજાક ઉડાવવી, ૨૬/૧૧ના મુંબઈ હુમલાને ભારની અંદરની સાજીસ છે તેમ કહેવું, આતંકી સમર્થક ઝાકિર નાઈકને શાંતિના દૂત તરીકે ઓળખાવવા, રાહુલ ગાંધી દ્વારા ભારતને સીરિયા કહેવું, તથા કોંગ્રેસ પાર્ટી દ્વારા ચાઈનાની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના જોડે સિક્રેટ એમઓયુ કરવું આ તમામ મુદ્દા કોઈપણ રાષ્ટ્રીય પાર્ટીના મુદ્દા હોઈ જ ના શકે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસમાં કોઈ જ વૈચારિક અધિષ્ઠાન દેખાતું નથી. સીપીઆઈ, ડીએસયુ, પીડીપી જેવી પાર્ટીના મુદ્દા કે તિસ્તા સેતલવાડ, પ્રશાંત ભૂષણ કે હર્ષ મંદરની ભાષા બોલીને ક્યારેક કોંગ્રેસ રાષ્ટ્રીય વિકલ્પ ના બની શકે અને એમાં પણ જ્યારે સામે નરેન્દ્ર મોદી જેવું કદાવર વ્યક્તિત્વ, વૈચારિક સ્પષ્ટતા તથા કાર્યને અંત સુધી પહોંચાડવાવાળા નેતા હોય તો સ્વાભાવિક રીતે તેમનું ખૂણામાં ધકેલાઈ જવું એ જ ભવિષ્ય રહે.

જનસંઘ અને ભારતીય જનતા પાર્ટી વર્ષો સુધી વિપક્ષમાં રહી છે પરંતુ ૧૯૬૨ હોય કે ૧૯૬૫ કે ૧૯૭૧ આ તમામ યુદ્ધ વખતે હંમેશા સેના તથા દેશની સત્તાધારી પાર્ટીને જ સમર્થન આપ્યું છે. તેનું જ પરિણામ એ હતું કે ૧૯૬૨ના યુદ્ધ પછી તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ ૨૬ જાન્યુઆરીની પરેડમાં ભાગ લેવા સંઘ (RSS)ને આમંત્રણ આપ્યું હતું તથા ૧૯૬૫ના યુદ્ધ પછી લાલબહાદુર શાસ્ત્રીએ યુદ્ધ સમયે જનસંઘ દ્વારા જે પ્રકારે સેનાને મદદ કરી હતી તેના ભરપેટ વખાણ કર્યાં હતાં. ૧૯૭૧ના યુદ્ધ સમયે રામલીલા મેદાનમાં ઓલ પાર્ટી રેલીને લોકોમાં વિશ્વાસ અને જોશમાં વધારો કરવા અટલજીએ સંબોધી હતી. ૧૯૯૫માં જીનેવામાં પાકિસ્તાનનો કાશ્મીર ઉપરનો પ્રસ્તાવ હોઈ હંમેશા ભાજપે દેશહિતમાં રાજનીતિથી ઉપર ઊઠીને તત્કાલીન સરકારોનું ખૂલીને સમર્થન કર્યું છે. નેતા વિપક્ષના રૂપમાં અટલજી દેશના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરીને ગયા અને પાકિસ્તાનના પ્રસ્તાવની હવા કાઢી નાખી તથા તેનું શ્રેય પણ નરસિંહરાવજીને આપ્યું. જ્યારે કોંગ્રેસ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક હોય કે બાલાકોટ એરસ્ટ્રાઈક હંમેશા શત્રુ દેશ સાથે દોસ્તી હોય તેવા જ તેમના નેતાનાં નિવેદનો આવતાં રહ્યાં છે.

**દોકલામ જેવી ઘટના વખતે સતત સવાલો કરવા અને પછી ચાઈનાના રાજદૂત સાથે છૂપી મુલાકાત કરવી**

વર્તમાનમાં ચાઈના સાથેના મદભેદ દરમિયાન પણ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ચીનની ભાષા બોલતા હોય તેવું જ લાગે છે. દોકલામ જેવી ઘટના વખતે સતત સવાલો કરવા અને પછી ચાઈનાના રાજદૂત સાથે છૂપી મુલાકાત કરવી. કૈલાશ માનસરોવર યાત્રાએ જતા ચાઈના સરકારના મંત્રીઓ જોડે ગુપ્ત મુલાકાત કરવી. રાજીવ ગાંધી ફાઉન્ડેશનમાં વિદેશી અને દેશવિરોધી તાકાતો જોડેથી ફંડ લેવું. આ તમામ બાબતો કોંગ્રેસના નેતા તથા આઈડીયોલીજીનું નૈતિક અધઃપતન દર્શાવે છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીને ટર્કી, ચાઈના, પાકિસ્તાન, બાલીસ્તાની, અર્બન નકસલ, અલગાવવાદી, ખાન માર્કેટ ગેંગ તથા આતંકવાદી જોડેથી સમર્થન મળે છે પરંતુ દેશના કરોડો રાષ્ટ્રવાદી લોકો પૂરી મજબૂતાઈથી પ્રધાનસેવક જોડે ચટ્ટાનની જેમ વિશ્વાસથી ઊભા છે. ભાજપ રાજનીતિમાં સત્તા મેળવવા કે ભોગવવા નહી પરંતુ ભારતની તકદીર અને તસ્વીર બદલવા આવ્યું છે. કોંગ્રેસને જરૂર છે કે બદલાયેલી પરિસ્થિતિમાં એક જ જવાબદાર રાજકીય પક્ષની રીતે વ્યવહાર કરે. રાષ્ટ્રહિતના મુદ્દાને સમજે, રાષ્ટ્રહિત સર્વોપરી રાખે અને તેવા મુદ્દામાં સરકારનું સમર્થન કરે. પોતાનું નૈતિક અને વૈચારિક અધઃપતન રોકી ધરાતલ પર આવે નહિ તો એ દિવસ દૂર નથી જ્યારે રાહુલ ગાંધી તેમના અંતિમ નેતા સાબિત થશે.

•



# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સરદાર સરોવર ડેમને આજે આપણે તેની સંપૂર્ણ સપાટીએ ભરી શક્યા છીએ – મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સરદાર સરોવર ડેમને આજે આપણે તેની સંપૂર્ણ સપાટીએ ભરી શક્યા છીએ. રાજ્યના સર્વાંગી વિકાસ માટે જળ જરૂરી છે. ''મા નર્મદા''ના જળથી ગુજરાત વિકાસની નવી હરણફાળ ભરશે અને વિકાસનો નવો માર્ગ કંડારશે તેમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી સરદાર સરોવર ડેમ ખાતે મા નર્મદા નીરનાં ઈ-વધામણાં કરતાં જણાવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિવસ નિમિત્તે આજે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ છલકાતાં-ભરાતાં ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદાના નીરના ઈ-વધામણાં કર્યા હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના આજે ૭૦મા જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે ગુજરાતની સાડા છ કરોડ જનતા વતી શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે કહ્યું હતું કે, આજે વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે ભગવાન તેમને ખૂબ શક્તિ આપે, મા ભારતી ફરી જગત-જનની બને અને દશેદિશાઓમાં ભારત માતાની વિજય પતાકાઓ લહેરાય અને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત મહાસત્તા બનશે તેવો વિશ્વાસ અને શ્રદ્ધા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તા. ૧૭મી સપ્ટેમ્બરે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના આ સમયગાળા દરમિયાન સરદાર સરોવર ડેમમાં વધુમાં વધુ પાણી આવતું હોય છે. સરદાર વલ્લભભાઈ પટેલનું જે સ્વપ્ન હતું કે, નર્મદા નદી ઉપર એક વિશાળ ડેમ બને અને સમગ્ર ગુજરાતને સિંચાઈ, પીવાના પાણી, પશુ-પંખી માટે પાણી ઉપલબ્ધ થાય. નર્મદા નદી ઉપર ઝડપથી ડેમ બનવો જોઈએ પરંતુ કમનસીબે મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે આ બીડું ઝડપ્યું, જરૂર પડી તો ઉપવાસ આંદોલન, સંઘર્ષ કરીને સરદાર સરોવર ડેમનું કામ પૂર્ણ કરાવ્યું.

તેમણે કહ્યું હતું કે, સાત વર્ષ સુધી UPAની સરકારે ડેમના દરવાજા પણ લગાવવાની મંજૂરી આપી ન હતી પણ નરેન્દ્રભાઈ મોદી જ્યારે ભારતના વડાપ્રધાન બન્યા ત્યારે માત્ર ગણતરીના દિવસોમાં ડેમના દરવાજા લગાવવાની અને બંધ કરવાની મંજૂરી તેમજ ગયા વર્ષે ડેમને સંપૂર્ણ ભરવાની મંજૂરી પણ આપી. નર્મદા ડેમનું સંપૂર્ણ કામ આપણે પૂરું કર્યું. તેના ફળસ્વરૂપે કચ્છ, બનાસકાંઠા અને સૌરાષ્ટ્રમાં છેવાડાના ગામ સુધી, ૭૦૦ કિ.મી. સુધી આ નર્મદાના પાણીને પહોંચાડીને ગુજરાતની જનતાને આપણે સિંચાઈ, ખેતી અને પીવાનું પાણી આપી શક્યા છીએ. મા નર્મદે સર્વદે ખરા અર્થમાં સાબિત થઈને ગુજરાતનો સર્વાંગી વિકાસ થશે તેવી શ્રદ્ધા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી કહ્યું હતું કે, આજે પુનઃ સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ ૧૩૮.૬૮ મીટરની સપાટીએ ભરાયો છે અને આજે મા નર્મદાનાં પવિત્ર નીરનાં ઈ-વધામણાં કર્યાં છે. આવનાર બે વર્ષ સુધી મા નર્મદાનું પાણી ગુજરાતના વિકાસને હરણફાળ ગતિથી આગળ વધારીને વિકાસની નવી દિશા કંડારશે. જળ વિના જીવન નહીં અને પાણી વિના વિકાસ નહીં. ગુજરાતના વિકાસ માટે આ જીવાદોરી સાબિત થશે. આવનારા દિવસોમાં સરદાર સરોવર આપણા વિકાસની નવી તાકાત બનશે અને મા નર્મદાના આશીર્વાદ ગુજરાતને સદાય મળતાં રહેશે તેવી સૌ ગુજરાતીઓ વતી ભગવાનને પ્રાર્થના કરીને મુખ્યમંત્રીશ્રીએ ડેમ સંપૂર્ણ ભરાવવા બદલ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

•

# છલોછલ નર્મદા ડેમની તાજેતરની તસવીરો





REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## સેવા સપ્તાહની રાજ્યભરમાં થયેલ ઉજવણીની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.